CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 19


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 33, Dt. 06-06-2026 (SATURDAY) Rs. 02/- Page : 31, RNI No. GUJGUJ/2023/84789


### 'સિટી ન્યૂઝ'ના રિપોર્ટમાં ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ થયું નથી

# મેયરની 'બે વાત'

## 3 જૂને મેયરે શું કહ્યું



### ચોમાસું માથે હોવાથી વરસાદી પાણી માટે કંઈ કરી શકાય નહીં આવતા વર્ષે ઉકેલ લાવશું !



## 6 જૂને મેયરે શું કહ્યું

### શહેરમાં પાણી ભરાવાની સમસ્યા મોટા પ્રમાણમાં અટકાવી શકાશે

**શું કર્યુ :** મેયરે સીટી એન્જિનિયરો સાથે બેઠક યોજી પાણી ભરાતી જગ્યાએ નિયમિત પેટ્રોલિંગ કરવાની જવાબદારી સોંપી



ચોમાસા પહેલાં શહેરમાં પાણી ભરાવાની સમસ્યા અંગે મેયર દ્વારા આપવામાં આવેલ નિવેદન હવે ચર્ચાનો વિષય બન્યું છે. બે દિવસ પહેલાં આપેલી બાઈટમાં મેયરે સ્વીકાર્યું હતું કે, હાલ ચોમાસું માથે હોવાથી તાત્કાલિક મોટા ફેરફાર શક્ય નથી.

મેયરે જણાવ્યું હતું કે, "હવે વરસાદ નજીક છે, આ વર્ષે બહુ કંઈ કરી શકાય તેમ નથી. પરંતુ આવનારા વર્ષે પાણી ભરાવાની સમસ્યા ન સર્જાય તે માટે આયોજન કરવામાં આવશે. આ નિવેદન સામે શહેરમાં મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. એક તરફ તંત્ર દ્વારા આગોતરા આયોજનના દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ મેયરના આ નિવેદનથી વર્તમાન ચોમાસામાં રાહત મળશે કે નહીં તે અંગે સવાલો ઉભા થયા છે. શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ, પોપટપરા, મહિલા કોલેજ અંડરબ્રિજ અને માધાપર ચોકડી જેવા વિસ્તારોમાં વર્ષોથી પાણી ભરાવાની સમસ્યા યથાવત છે. દર વર્ષે નજીવા વરસાદમાં પણ રસ્તાઓ પર પાણી ભરાઈ જતા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

### વર્ષોથી યથાવત સમસ્યા

રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ, પોપટપરા વિસ્તાર, એસ્ટ્રોન ચોક નજીકના નાળા, મહિલા કોલેજ અંડરબ્રિજ અને માધાપર ચોકડી જેવા વિસ્તારોમાં વર્ષોથી પાણી ભરાવાની સમસ્યા યથાવત છે. ઘણીવાર નજીવા વરસાદમાં પણ રસ્તાઓ પર પાણી ભરાઈ જતા વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.


### કોર્પોરેટરો મેદાનમાં ઉતરી સ્થિતિ પર નજર રાખશે

## ગુડ વર્ક મેયર : આવી રીતે જ બસ અધિકારીઓને દોડાવતા રહો એટલે રાજકોટની શકલ બદલાશે

નવ નિયુક્ત મેયર નેહલ શુક્લાની આગેવાની હેઠળ આગોતરા આયોજન હાથ ધરાયું છે. મેયરે સીટી એન્જિનિયરો અને સંબંધિત અધિકારીઓ સાથે ખાસ બેઠક યોજી શહેરના સંવેદનશીલ વિસ્તારોની સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન જ્યાં વારંવાર પાણી ભરાય છે એવા વિસ્તારોની ઓળખ કરવામાં આવી છે. આ વિસ્તારોમાં હવે નિયમિત પેટ્રોલિંગ કરવાની જવાબદારી સીટી એન્જિનિયર અને અધિકારીઓને સોંપવામાં આવશે. માત્ર અધિકારીઓ જ નહીં, પરંતુ ચૂંટાયેલા પદાધિકારીઓ પણ મેદાનમાં ઉતરી પરિસ્થિતિ પર નજર રાખશે. મેયર નેહલ શુક્લાએ દાવો કર્યો છે કે અતિવૃષ્ટિ જેવી અસાધારણ પરિસ્થિતિ ન સર્જાય તો શહેરમાં પાણી ભરાવાની સમસ્યા મોટા પ્રમાણમાં અટકાવી શકાય છે.

### હવે મળશે રાહત?

ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે મનપા તંત્ર માટે આ વિસ્તારોમાં અસરકારક કામગીરી કરવી મોટો પડકાર છે. હવે મેયરની આગેવાની હેઠળ હાથ ધરાયેલા આ આયોજનથી શહેરવાસીઓને ખરેખર રાહત મળે છે કે નહીં, તેના પર સૌની નજર રહેશે.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Velvet Circle
IMMERSIVE
YOGA
યોગનો નવો અનુભવ!
શું તમે રોર્જિંદા સ્ટ્રેસથી થાકી ગયા છો?
શું તમે શાતિ, એકાગ્રતા અને તાજગી શોધી રહ્યા છો?
✨ હવે અજમાવો ઈમર્સિવ યોગ (Immersive Yoga)
– જ્યાં યોગ સાથે ટેકનોલોજીનો અદ્ભુત સંગમ!
શું ખાસ છે?
360° પ્રકૃતિના દ્રશ્યો – જંગલ, સમુદ્ર, તારામંડળ
શાંતિદાયક સંગીત અને સાઉન્ડ થેરાપી
સુગંધિત વાતાવરણ સાથે ડીપ રિલેક્સેશન
નિષ્ણાત માર્ગદર્શન હેઠળ યોગાસન અને ધ્યાન
ફાયદા:
તણાવમાંથી તરત રાહત
ધ્યાન અને એકાગ્રતા વધે
મન-શરીરનું મજબૂત જોડાણ
ઉંઘમાં સુધારો
માનસિક શાંતિ
યોગમાં નવી ઉર્જા અને ઉત્સાહ
STRESS
TENSION
WORRIES
FATIGUE
તણાવમુક્ત મન
શાંત વિચારો
સકારાત્મક ઉર્જા
સ્વસ્થ જીવન
હવે તમારા શહેરમાં ઉપલબ્ધ!
👉 આજે જ જોડાઓ અને અનુભવો
“અસલી શાંતિ”
વધુ માહિતી માટે સંપર્ક કરો:
9913419494
9998998980
19 June, 2026 (SARAZA-RAJKOT)

### દિલ્હીની ઘટના બાદ પણ RMCનું ફાયર વિભાગ લોકોની સલામતીને લઈને મૌન

# રાજકોટ ફાયર બ્રિગેડ શું નિંદર માણી રહ્યું છે!

## ફાયર વિભાગે કરવી જોઈએ એવી જરૂરી કાર્યવાહી

**નિયમિત ઈન્સ્પેક્શન**

- હોટલો, રેસ્ટોરન્ટ, મોલ, બેન્ક્વેટ હોલમાં સમયાંતરે ચેકિંગ
- ફાયર સેફ્ટી સાધનો કાર્યરત છે કે નહીં તેની તપાસ

**ફાયર NOC ફરજિયાત બનાવવું**

- તમામ કોમર્શિયલ એકમો માટે Fire NOC જરૂરી
- NOC વગર ચાલતા ધંધા સામે કડક પગલા

**૩. નિયમોનું કડક અમલ**

- નિયમ ભંગ કરનારને દંડ/સીલ કરવાની કાર્યવાહી
- વારંવાર ઉલ્લંઘન પર લાઈસન્સ રદ

**૪. ફાયર સેફ્ટી સાધનો સુનિશ્ચિત કરાવવું**

- Fire extinguisher, sprinkler system, alarm system ફરજિયાત
- ઈમરજન્સી એક્ઝિટ ખુલ્લી અને કાર્યરત હોવી જોઈએ

**૫. જાગૃતિ અભિયાન**

- નાગરિકો અને બિઝનેસ માલિકોને તાલીમ
- "આગ લાગી તો શું કરવું?" તેની માર્ગદર્શન

**૬. મૉક ડ્રિલ અને ટ્રેનિંગ**

- સમયાંતરે fire drill કરાવવી
- સ્ટાફને ઈમરજન્સી હેન્ડલ કરવાની તાલીમ

**૭. જોખમી ઈમારતોની ઓળખ**

- high-risk બિલ્ડિંગ્સની યાદી બનાવવી
- ખાસ દેખરેખ અને ચેકિંગ

**૮. ઝડપી પ્રતિસાદ સિસ્ટમ મજબૂત કરવી**

- ફાયર સ્ટેશન અને સાધનો અપગ્રેડ
- response time ઓછો કરવો

**૯. ડેટા અને મોનિટરિંગ સિસ્ટમ**

- આગની ઘટનાઓનો ડેટાબેસ
- કઈ જગ્યાએ વારંવાર આગ લાગે છે તેની વિશ્લેષણ

**અન્ય વિભાગ સાથે સંકલન**

- મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ, વીજ વિભાગ સાથે કો-ઓર્ડિનેશન




## જો આગ લાગશે તો જવાબદાર કોણ ?

## શહેરમાં સ્કૂલો, હોટલો, મોલ, બેન્ક્વેટ હોટલમાં ફાયર સેફ્ટી વગર ચાલે છે બિઝનેસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દિલ્હીમાં તાજેતરમાં બનેલી આગની ઘટનાના પગલે રાજકોટમાં ફાયર સેફ્ટીને લઈને ફરી એકવાર ચિંતાઓ વધી છે. શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આગની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, ફાયર સેફ્ટીના નિયમોનું પાલન હજુ પણ અધૂરું હોવાનું સામે આવી રહ્યું છે.

માહિતી મુજબ, રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન અંદાજે ૮૫૦થી વધુ આગની ઘટનાઓ નોંધાઈ હતી, જ્યારે વર્ષ ૨૦૨૪માં આ સંખ્યા આશરે ૭૮૦ જેટલી હતી. ચાલુ વર્ષ ૨૦૨૬ના પ્રથમ પાંચ મહિનામાં જ ૩૫૦થી વધુ કેસ નોંધાતા, આગના બનાવોમાં સતત વૃદ્ધિનો ટ્રેન્ડ દેખાઈ રહ્યો છે.

આ આગની ઘટનાઓમાં રહેણાંક મકાનો, હોટલો, રેસ્ટોરન્ટો, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ અને બેન્ક્વેટ હોલનો પણ સમાવેશ થાય છે. ઘણા સ્થળોએ ફાયર સેફ્ટીના મૂળભૂત સાધનો જેમ કે ફાયર



## ફાયર સેફ્ટી માત્ર કાગળ પર જ

એક્સટિંગ્વિશર, ઈમરજન્સી એક્ઝિટ અને એલાર્મ સિસ્ટમ ગેરહાજર હોવાની ફરિયાદો સામે આવી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરમાં સૈંકડો કોમર્શિયલ એકમો હજુ સુધી ફાયર એનઓસી વગર કાર્યરત હોવાની શક્યતા છે. તપાસ અને નિયમિત ચેકિંગની પ્રક્રિયા પૂરતી સક્રિય ન હોવાના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું માનવામાં આવે છે.

ફાયર બ્રિગેડની કામગીરી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે વિભાગ આગ લાગ્યા બાદ તાત્કાલિક પ્રતિસાદ આપે છે, પરંતુ આગ અટકાવવા માટેની પૂર્વ તૈયારી જેમ કે નિયમિત ઈન્સ્પેક્શન, જાગૃતિ અભિયાન અને કડક અમલમાં ખામી દેખાઈ રહી છે.

## તંત્રની બેદરકારીનો નમૂનો: RMCની પોલ ખૂલ્લી



# ભ્રષ્ટાચારનો વિકાસ...!

## રાજકોટ મહાપાલિકાની પોતાની જ ટ્રક ખાડામાં ફસાઈ



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## સ્થાનિક લોકોએ કહ્યુ આ છે વિકાસ, હજુ ચોમાસુ બાકી છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી વચ્ચે આજે એક વિચિત્ર અને તંત્રની બેદરકારી ઉજાગર કરતી ઘટના સામે આવી છે. શહેરના અમીન માર્ગ પર પાઈપલાઈનના કામ માટે ખોદવામાં આવેલા ખાડામાં મહાનગરપાલિકાની જ ડ્રેનેજ શાખાની ટ્રક ખૂંપી ગઈ હતી. ૬ જૂનની સવારે બનેલી આ ઘટના બાદ બપોર સુધી ટ્રક ત્યાં જ ફસાયેલી રહેતા રાહદારીઓ અને વાહનચાલકો ટ્રાફિકજામથી ભારે પરેશાન થયા હતા. છેલ્લા ૪ દિવસથી ચાલી રહેલી આ કામગીરીમાં સુરક્ષાના કોઈ નિયમો ન જળવાયા હોવાનો આક્ષેપ સ્થાનિકો અને વિપક્ષ દ્વારા કરવામાં આવ્યો છે.સ્થાનિક રાહદારી મહેશ બુધવાણીએ આક્રોશ ઠાલવતા કહ્યું કે, મનપાએ ખોદેલા ખાડામાં તેમની જ ટ્રક ફસાઈ જવી એ ભ્રષ્ટાચારનો વિકાસ છે. હજુ ચોમાસું શરૂ થશે ત્યારે વરસાદના કારણે આનાથી પણ મોટા ખાડા પડશે અને લોકોની મુશ્કેલી વધશે. સૌરાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા રોહિત રાજપૂતે તંત્ર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અમીન માર્ગના કોર્નર પર રેલવે ફાટકની સામે પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે ખોદકામ કરવામાં આવ્યું હતું. અહીં છેલ્લા ૪ દિવસથી આ જ પરિસ્થિતિ હોવા છતાં કોઈપણ પ્રકારનું બેરિકેટ લગાવવામાં આવ્યું નહોતું, જેના કારણે ખુદ મનપાનું જ વાહન ખાડામાં ફસાઈ ગયું.તેમણે ઉમેર્યું કે, મનપા પ્રિ-મોન્સૂન કામગીરી કરે તે આવકારદાયક છે. એસ્ટ્રોન ચોક પાસે બનેલી આ ઘટના અંગે તેમણે ચેતવણી આપી કે જો ચોમાસામાં રસ્તાઓની સ્થિતિ ખરાબ રહેશે તો કોંગ્રેસ મનપાનો ઘેરાવ કરશે.

### મેયરે યોગ્ય કામ ન થયાનો સ્વિકાર કર્યો

આ સમગ્ર મામલે રાજકોટના મેયર ડૉ. નેહલ શુક્લએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા અને માધ્યમો દ્વારા દોઢ કલાક પહેલા જ આ ઘટનાની જાણ થતાં સંલગ્ન અધિકારીઓને રૂબરૂ બોલાવ્યા હતા. ૨ દિવસ પહેલા ત્યાં નળની લાઈન લીકેજ હોવાથી કામગીરી કરાઈ હતી, પરંતુ ત્યારબાદ માત્ર રેતી-કપચી નાખી ખાડો પૂરવામાં આવતા રસ્તો કાચો રહી ગયો હતો. ચાલુ વરસાદે ઈજનેરો અને પદાધિકારીઓ ઓન-ફિલ્ડ મોનિટરિંગ કરશે. મેયરે વધુમાં જણાવ્યું કે, પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત જે વિસ્તારોમાં દર વર્ષે પાણી ભરાય છે તે સ્પોટ્સ નક્કી જ હોય છે. આથી, પાણી ભરાવાના સ્થળો પર કોર્પોરેશનના બબ્બે કર્મચારીઓને ફરજ પર મૂકવામાં આવશે. આ વર્ષે ચાલુ વરસાદે પણ કોર્પોરેશનના એન્જિનિયરો, કર્મચારીઓ અને પદાધિકારીઓ જાતે ગ્રાઉન્ડ પર રહીને મોનિટરિંગ કરશે જેથી નાગરિકોને હાલાકી ભોગવવી ન પડે.




# 1 જાન્યુઆરી 2026થી ઈન્ચાર્જ ડીજીપી તરીકે કે.એલ.એન રાવ કાર્યરત હતા

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

મૂળ હરિયાણાના અને અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિકને રાજ્યના નવા DGP બનાવાયા છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ઈન્ચાર્જ ડીજીપી તરીકે કે.એલ.એન રાવ કાર્યરત હતા.
૫ મહિના ચાર્જ બાદ કાયમી ડીજીપીની નિમણૂક કરવામાં આવી છે. કે.એલ.એન રાવ CID ક્રાઈમ અને જેલમાં ડીજી તરીકે યથાવત રહેશે. અમદાવાદ શહેરને પણ નવા પોલીસ કમિશનર મળશે. ૧૯૯૩ની બેચના IPS જી.એસ.મલિક BSF અને CISFના ADG પણ રહી ચૂક્યા છે.
ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શનિવારે(૬ જૂન) પોલીસ બેડામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સૌથી મોટા આદેશાત્મક ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી.
સિનિયર IPS અધિકારી જ્ઞાનેન્દ્રસિંહ મલિક (જી. એસ. મલિક)ને ગુજરાત રાજ્યના નવા ડાયરેક્ટર જનરલ અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP અને IGP) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઓક્ટોબર ૨૦૨૮માં જી.એસ.મલિક રિટાયર્ડ થશે. જી. એસ. મલિકની આ નિમણૂક પે-મેટ્રિક્સના એપેક્સ સ્કેલ લેવલ ૧૭ મુજબ ફિક્સ રૂ. ૨,૨૫,૦૦૦ના પગાર ધોરણ સાથે કરવામાં આવી છે.
આ આદેશ ગુજરાતના રાજ્યપાલના નામે અને તેમના હુકમથી જારી કરવામાં આવ્યો છે. આ નોટિફિકેશનની નકલ મુખ્યમંત્રી કચેરી, સચિવાલયના વિવિધ વિભાગો, કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC) નવી દિલ્હી, કેન્દ્રીય ગૃહ મંત્રાલય નવી દિલ્હી તેમજ ગુજરાત કેડરના તમામ IPS અધિકારીઓ અને સંબંધિત એકાઉન્ટ ઓફિસરોને જરૂરી વહીવટી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવી છે.

# અમદાવાદ પોલીસ કમિશનરની રેસમાં ત્રણ નામ

જી.એસ. મલિકની DGP તરીકેની નિમણૂક બાદ હવે અમદાવાદ પોલીસ કમિશનરની રેસમાં ૩ નામ ચર્ચામાં ચાલી રહ્યા છે. જેમાં અનુપમસિંહ ગેહલોત (સુરત CP), મનોજ શશીધરન(CBI), પિયુષ પટેલ (ACB ડાયરેક્ટર) નું નામ ચાલી રહ્યું છે.અનુપમસિંહ ગેહલોત ૧૯૯૭ની બેંચના આઈપીએસ ઓફિસર છે. તેઓ ભાવનગર પોલીસ અધિક્ષક (એસપી) તરીકે રહ્યા ત્યાર પછી તેમની બદલી પાટણ થઈ હતી. જ્યાં તેઓ એસપી તરીકે રહ્યા હતા. પછી વડોદરા રેંજ આઈજી તરીકે નિમણુંક થઈ હતી. ત્યાર પછી રાજકોટ પોલીસ કમિશનર તરીકે નિમણૂંક થઈ હતી. ત્યાર બાદ વડોદરા કમિશનર રહ્યા હતા. પછી તેમની બદલી આઈબીમાં કરાઈ હતી. આઈબીમાંથી તેમને વડોદરાના પોલીસ કમિશનર તરીકે બીજીવાર મુકાયા હતા. હાલમાં તેઓ સુરતના પોલીસ કમિશનર તરીકે કાર્યરત છે.IPS મનોજ શશીધર સરકારની ગુડ બુકમાં છે. જોંકે તેઓ લાંબા સમયથી સીબીઆઇમાં ફરજ બજાવી રહ્યા છે. તેઓ ગુજરાતમાં હતા ત્યારે પણ તેઓ અમદાવાદ ક્રાઇમ બ્રાંચ, સેક્ટર-૨ જેસીપી સહિતની અમુક ચોક્કસ જગ્યાઓ પર કામ કરી ચૂક્યા છે.અગાઉ સંજય શ્રીવાસ્ત જ્યારે અમદાવાદ પોલીસ કમિશનર તરીકે રિટાયર્ડ થયા ત્યારે વધારાનો ચાર્જ પ્રેમવીરસિંહને આપવામાં આવ્યો હતો. જી.એસ.મલિક DGP તરીકેનો ચાર્જ લે અને નવા પોલીસ કમિશનરની નિમણૂક ન થાય ત્યાં સુધી ક્રાઇમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલ પાસે પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ રહી શકે છે. આ ચાર્જ લાંબા સમય સુધી પણ રહી શકે છે.

### દિલ્હીના જંતર-મંતરે 5 કલાક પ્રદર્શન ચાલ્યું

# કોકરોચ જનતા પાર્ટીનું અલ્ટીમેટમ

# 5 દિવસમાં શિક્ષણમંત્રીને હટાવો નહીં તો આંદોલન તેજ



## અભિજીત સાથે સોનમ વાંગચૂક પણ પ્રદર્શનમાં સામેલ થયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

NEET પેપર લીક મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે કોકરોચ જનતા પાર્ટી, એટલે કે CJP એ શનિવારે દિલ્હીના જંતર-મંતર પર ૫ કલાક પ્રદર્શન કર્યું.પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ કહ્યું કે મંત્રી આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં રાજીનામું આપે, નહીં તો આખા દેશમાં પ્રદર્શન કરવામાં આવશે. આવતા શનિવારે, એટલે કે ૧૩ જૂને જંતર-મંતર પર ફરી પ્રદર્શન કરશે. CJI ને જંતર-મંતર પર આજે સાંજે ૫ વાગ્યા સુધી પ્રદર્શન કરવાની પરવાનગી મળી હતી, પરંતુ લગભગ ૩ વાગ્યે જ અભિજીત અને સોનમ વાંગચુક ધરણા સ્થળ પરથી રવાના થઈ ગયા હતા. આ પછી પ્રદર્શન સમાપ્ત થઈ ગયું.અભિજીત શનિવારે સવારે જ અમેરિકાથી દિલ્હી પાછા ફર્યા હતા. તેઓ એરપોર્ટથી સીધા જંતર-મંતર પહોંચ્યા હતા. અહીં અભિજીત આંબેડકરની આત્મકથા અને બંધારણની નકલ લઈને પહોંચ્યા હતા.દિલ્હીના જંતર-મંતરમાં પ્રદર્શન અભિજીત દીપકેની આગેવાની હેઠળ થયું હતું. સોશિયલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક પણ આ પ્રદર્શનમાં સામેલ થયા હતા. આ ઉપરાંત CJPના પ્રવક્તા આશુતોષ રાંકા પણ અભિજીત સાથે જોવા મળ્યા હતા. આશુતોષ IIT કાનપુરથી પાસ આઉટ છે. ગયા વર્ષે જ લંડનથી ભારત પાછા ફર્યા હતા. CJPના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ઈન્દિરા ગાંધી એરપોર્ટ, મુખ્ય રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને દિલ્હીના બોર્ડર પોઈન્ટ્સ પર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.




**1000થી વધુ પોલીસ જવાનો તૈનાત કરાયા હતા**




**અભિજીતે બાબા આંબેડકરના ફોટા સાથે ભારતમાં એન્ટ્રી કરી**

### ‘ખાનગી ગોઠવણ’ની ગંધ ! ગેરકાયદે વેંચાણ પર મૌન કેમ

# ગેરકાયદે કતલખાનાનું ‘રાજ’ કોટ તંત્ર આંખે આંધળું!

- 25 વર્ષની ભાજપનું શાસન નોનવેજ નગરી બનાવી દીધું
- હવે તો વિવિધ સોસાયટી બહાર નોનવેજની રેંકડીઓ બેફામ
- આરોગ્ય નિયમોના ધજાગરા કોઈ કાર્યવાહી નહીં



સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં ગેરકાયદે નોનવેજ વેચાણનો મુદ્દો ફરી ગરમાયો છે. સદરબજાર સહિત શહેરના અનેક વિસ્તારોમાં મંજૂરી વગર માંસ-મટનના હાટડાં ખુલ્લેઆમ ચાલતા હોવા છતાં મહાનગરપાલિકા મૌન ધારણ કરી બેઠી હોવાનો આક્ષેપ ઉઠ્યો છે.

માહિતી મુજબ, રાજકોટ શહેરમાં ૧૯૬૨થી ભીલવાસ ચોક વિસ્તારમાં એકમાત્ર અધિકૃત કતલખાનું કાર્યરત છે. તેમ છતાં, શહેરના ખોડિયારનગર, મોચીબજાર અને સદરબજાર સહિતના વિસ્તારોમાં અડધો ડઝનથી વધુ ગેરકાયદે કતલખાના અને નોનવેજ દુકાનો મંજૂરી વગર ધમધમી રહી છે.

આ દુકાનોમાં આરોગ્ય વિભાગના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું હોવાનું સામે આવ્યું છે. જાહેરમાં નોનવેજ વેચાણ થવાથી સ્વચ્છતા અને જાહેર સુરૂચિ પર પણ પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિક વેપારીઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, “ફૂડ અને આરોગ્ય વિભાગને માત્ર વેજિટેરિયન દુકાનો જ દેખાય છે, જ્યારે ગેરકાયદે નોનવેજ હાટડાં સામે કોઈ કાર્યવાહી થતી નથી.




## કાર્યવાહી કેમ નહીં?

નિયમો મુજબ, ગેરકાયદે કતલખાના અને નોનવેજ દુકાનો સામે આરોગ્ય અને ફૂડ વિભાગે સુઓ મોટો કાર્યવાહી કરવી જોઈએ. દરોડા પાડી દુકાનો બંધ કરાવવી અને કાયદેસર પોલીસ ફરિયાદ નોંધાવવી ફરજિયાત છે. તેમ છતાં, અત્યાર સુધી કોઈ સખત પગલાં ન લેવાતા “ખાનગી ગોઠવણ”ના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

## ઈમરજન્સી સેવા ઠપ્પ? સરકારનો ખર્ચ વ્યર્થ હકીકત બહાર

# સિવિલ હોસ્પિટલમાં કરોડોની એમ્બ્યુલન્સ 'શો-પીસ' બની




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અનેક એમ્બ્યુલન્સો લાંબા સમયથી બંધ હાલતમાં ઉભી હોવાની ઘટના સામે આવી છે. હોસ્પિટલ પરિસરમાં ઉભેલી આ એમ્બ્યુલન્સો પર ધૂળ ચડેલી હાલત જોઈને સ્પષ્ટ થાય છે કે તે સમયસર ઉપયોગમાં લેવાતી નથી, જેના કારણે તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા છે.માહિતી મુજબ, લાખો રૂપિયાના ખર્ચે ખરીદાયેલી આ એમ્બ્યુલન્સો દર્દીઓને તાત્કાલિક સેવા આપવા માટે હતી, પરંતુ હાલ તે બિનઉપયોગી બની ગઈ છે. ગંભીર સ્થિતિમાં દર્દીઓને ઝડપી સારવાર સુધી પહોંચાડવામાં એમ્બ્યુલન્સનું




મહત્વપૂર્ણ યોગદાન હોય છે, ત્યારે આવી સ્થિતિ ચિંતાજનક માનવામાં આવી રહી છે.

સામાજિક અને રાજકીય આગેવાનો દ્વારા તંત્રને અપીલ કરવામાં આવી છે કે બંધ પડેલી એમ્બ્યુલન્સોને તાત્કાલિક રિપેર કરીને કાર્યરત બનાવવામાં આવે. જો તંત્ર આ કાર્યમાં નિષ્ફળ જાય તો સમાજના સહયોગથી તેને ફરી શરૂ કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.આ મુદ્દે જવાબદાર અધિકારીઓએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. શહેરના નાગરિકોમાં પણ આ બાબતે નારાજગી જોવા મળી રહી છે કે આરોગ્ય સેવા માટેના મહત્વના સાધનો જ યોગ્ય રીતે ઉપયોગમાં લેવાતા નથી.

## રીપેર કરવાના રૂપિયા આપવા કોંગ્રેસ નેતા રેડી

### ગોપાલ અનડકટે કહ્યું સ્વ.ઈન્દુબેન રસિકલાલ અનડકટ સહયોગ માટે તૈયાર



રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચાર જેવી એમ્બ્યુલન્સ સાવ બંધ હાલતમાં હોય અમારી તંત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી અપીલ કરીએ છીએ ન જીવા ખર્ચામાં આ લાખો રૂપિયાની એમ્બ્યુલન્સ બંધ પડેલ હોય તો ચાલુ કરાવવા વિનંતી અને આપજો ન કરાવી શકતા હોય તો સ્વ ઈન્દુબેન રસિકલાલ અનનરકટ ના સંયોગથી ચાલુ કરાવી દેવા તૈયાર છીએ. જશવંતસિંહ ભટ્ટી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી ગોપાલ અનડકટ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી કૃષ્ણ દત્ત ભાઈ રાવલે જણાવ્યું હતું.

## ગત ટર્મમાં સેક્રેટરી ધવલ જેસડિયાએ નેહલ શુકલને સભ્યપદેની બરતરફ કરવા નોટિસ આપી હતી

# જૂનો હિસાબ ચૂકતે..



### મેયરે સેક્રેટરી જેસડિયાને પદ પરથી હટાવી હરેશ રૂપારેલિયાને બેસાડી દીધા



હરેશ રૂપારેલિયા



ધવલ જેસડિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (મનપા) માં સત્તાના સૂત્રો બદલાતાની સાથે જ વહીવટી પાંખમાં મોટો ભૂકંપ આવ્યો છે. મનપાના સેક્રેટરી પદ પરથી ધવલ જેસડિયાને તાત્કાલિક અસરથી હટાવી દેવામાં આવ્યા છે અને તેમના સ્થાને પૂર્વ સેક્રેટરી હરેશ રૂપારેલિયાની ફરીથી નિમણૂક કરવામાં આવી છે. મનપાના વર્તમાન મેયર નેહલ શુક્લ દ્વારા આ આકરા પગલાં લેવામાં આવ્યા છે, જેને લઈને સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.ચર્ચા છે કે મેયર નેહલ શુક્લે પદ સંભાળતાની સાથે જ વહીવટી અધિકારીઓ સામે પોતાનો દાવ લેવાનું શરૂ કરી દીધું છે.આ સમગ્ર વિવાદ અને ફેરફાર પાછળ એક મોટી રાજકીય અદાવત હોવાનું સામે આવ્યું છે. વર્ષ ૨૦૨૬માં જ્યારે ધવલ જેસડિયા સેક્રેટરી પદ પર કાર્યરત હતા, ત્યારે તેમણે ત્રણ જનરલ બોર્ડમાં સતત ગેરહાજર રહેવા બદલ તત્કાલીન કોર્પોરેટર અને વર્તમાન મેયર નેહલ શુક્લને સભ્યપદેથી બરતરફ કરવા અંગેની આકરી નોટિસ પાઠવી હતી. એ સમયે આ નોટિસ ભારે ચર્ચાનો વિષય બની હતી. જોકે, હવે સમય બદલાયો છે અને નેહલ શુક્લ રાજકોટના મેયર બન્યા છે, જેથી સત્તા હાથમાં આવતા જ તેમણે જૂનો હિસાબ ચુકતે કરવાનું શરૂ કર્યું હોય તેમ જેસડિયાની સત્તા છીનવી લીધી છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ પદાધિકારીઓના શાસનકાળ દરમિયાન મનપાના કાયમી સેક્રેટરી એવા હરેશ રૂપારેલિયાને પદ પરથી હટાવી દેવાયા હતા અને તેમના સ્થાને ધવલ જેસડિયાને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ મહાનગરપાલિકામાં શાસકો અને પદાધિકારીઓ બદલાતા જ આ વહીવટી નિર્ણય પણ ૧૮૦ ડિગ્રી બદલાઈ ગયો છે. હરેશ રૂપારેલિયાને ફરીથી સેક્રેટરીનું પદ સોંપી દેવામાં આવ્યું છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે રાજકોટ મનપામાં વહીવટી નિર્ણયો પર રાજકીય પ્રભાવ કેટલો મજબૂત છે. આગામી દિવસોમાં આ ગજગ્રાહ હજુ વધુ ઉગ્ર બને તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## શહેર ભાજપ સંગઠન મનપામાં ચંચુપાત નહીં કરે

મનપામાં કોઈપણ પ્રોજેક્ટના ખર્ચની મંજૂરી સ્ટેન્ડિંગના સભ્યોની સહમતિથી અપાય છે. પરંતુ અનેક બાબતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપરાંત પદાધિકારીઓ સિવાય શહેર સંગઠન દ્વારા પણ સૂચનાઓ તેમજ કામોમાં ફેરફાર કરવામાં આવ્યા હોવાનું અગાઉ બનવા પામ્યું છે. ત્યારે અનુભવી અધિકારીઓ દ્વારા મૂકવામાં આવેલ દરખાસ્તો તેમજ નવા આયોજનો માં જરૂર પડ્યે શહેર સંગઠન ની સલાહ લેવામાં આવશે પરંતુ રૂટિન કામગીરી માં હવે શહેર સંગઠન તરફથી કોઈ ચંચુપાત નહીં કરાય.

**ઓવરલોડ ડમ્પરોનો કહેર** 4 મહિનામાં 50ના મોત જવાબદાર કોણ?

# રાજકોટના રસ્તાઓ પર ખૂલ્લેઆમ મોત ફરે છે

## નંબર પ્લેટ ગાયબ કાયદો લૂલોઃ મોતના સોદાગરોને છૂટ નિયમોના ધજાગરા કાર્યવાહી શૂન્ય










**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરી વિસ્તારમાં ચાર મહિનાની અંદર અકસ્માતમાં ૫૦ લોકોના મૃત્યુ થયા છે અને ૧૦૩ લોકો ગંભીર રીતે ઘવાયા હતા.આવા અકસ્માતો પાછળ રાજમાર્ગો પર દોડતા નંબર પ્લેટ વગર દોડતા ઓવર લોડ ડમ્પરો અને ટ્રેક્ટર જવાબદાર છે. આવા વાહનોના કારણે અસ્કમાતમાં ભોગ બનેલા પરિવારોને વળતર મળી શકતું નથી. નંબર પ્લેટ ન હોવાથી વાહન ચાલકની ધરપકડ કરવી મુશ્કેલી બને છે અને આવા વાહનો સામે રાજકોટ શહેર પોલીસના આઈવે પ્રોજેક્ટના સીસીટીવી વામણા પુરાવા સાબિત થાય છે.

કારણ કે રાજકોટ નેશનલ હાઈવે બાદ હવે શહેરના આંતરિક વિસ્તારો અને મુખ્ય રાજમાર્ગો પર પણ ભયજનક રીતે રેતી, કપચી અને ઈંટો ભરેલા ઓવરલોડ ડમ્પરો બેરોકટોક દોડી રહ્યા છે. આ ડમ્પર ચાલકો દ્વારા આર.ટી.ઓ. ખાણ ખનીજ વિભાગ અને સ્થાનિક પોલીસના તમામ નિયમોના સરેઆમ ધજાગરા ઉડાડવામાં આવી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, આ વાહનો પર આગળ કે પાછળ કોઈ નંબર પ્લેટ જ હોતી નથી અને નિયમ મુજબ તાડપત્રી પણ બાંધવામાં આવતી નથી. તંત્રની રહેમરાહ હેઠળ ચાલતા આ મોતના સોદાગરો સામે સ્થાનિક પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે.

ઉપરોક્ત તસવીરોમાં જોઈ શકાય છે કે નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પરસાણા ચોકથી કણકોટ રોડ સુધીમાં 'જય દ્વારકાધીશ', 'રાયકા', 'જય શ્રી કૃષ્ણ' " જય શ્રી રામ' લખેલા ડમ્પરોમાં આગળ-પાછળ નંબર પ્લેટ જ ગાયબ હતી, આવા ખનીજ ભરેલા વાહનો સામે હાઈવે પ્રોજેક્ટના સીસીટીવી પણ વામણા સાબિત થયા છે. આ વાહનોમાં તાડપત્રી પણ બાંધવામાં આવી નથી. આવા નંબર પ્લેટ વગરના વાહનો રસ્તા પર ખુલ્લેઆમ ફરતા હોવાથી મોટું જોખમ ઊભું થયું છે. જો આવા કોઈ વાહનચાલકથી અકસ્માત સર્જાય અને કોઈ નિર્દોષ નાગરિક મોતને ભેંટે, તો ચોક્કસ કયા ડમ્પર ચાલકે અકસ્માત કર્યો તેની ધરપકડ કરવી અશક્ય બની જાય છે. એટલું જ નહીં, વાહનની ઓળખ ન થવાના કારણે ભોગ બનનારના પરિવારને કાયદેસરનું કોઈ વળતર કે વીમો પણ મળી શકતો નથી.

### ચેતવણીજનક ઘટના; અમદાવાદનો લાલબત્તી સમાન કિસ્સો

# ખિસ્સામાં રહેલો મોબાઈલ બ્લાસ્ટ થતા યુવાનનું મોત




**અમદાવાદ:** શહેરમાં બનેલી આ ઘટનાવેએ હચમચીને હચમચાવી દીધા છે. પેન્ટના ખિસ્સામાં રાખેલો મોબાઈલ અચાનક બ્લાસ્ટ થતા એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે યુવાનના કપડાં ફાટી ગયા અને શરીરના ભાગો ગંભીર રીતે દાઝી ગયા.

## ઘટના કેવી રીતે બની?

- યુવાનનો મોબાઈલ પેન્ટના ખિસ્સામાં હતો.
- મોબાઈલમાં વધુ ગરમી કે શોર્ટ સર્કિટ થઈ હોવાની શક્યતા.
- અચાનક બ્લાસ્ટ થતાં યુવાન ગંભીર રીતે દાઝ્યો.
- હોસ્પિટલ ખસેડ્યા બાદ ડોક્ટરે મૃત જાહેર કર્યો.

## નિષ્ણાતોનું કહેવું

“લો ક્વાલિટી બેટરી, વધુ હીટ, ચાર્જિંગ દરમિયાન વપરાશ અને ડુપ્લીકેટ ચાર્જર બ્લાસ્ટનું મુખ્ય કારણ બની શકે છે.”

– ટેકનિકલ નિષ્ણાત

## સાવચેતી રાખો


- મોબાઈલ ખિસ્સામાં રાખતી વખતે ચાર્જિંગ ન કરો.
- ઓરિજિનલ ચાર્જર અને બેટરીનો જ ઉપયોગ કરો.
- ફોન વધુ ગરમ થાય તો તરત ઉપયોગ બંધ કરો.
- ક્ષતિગ્રસ્ત બેટરી તરત બદલાવો.

**લાપરવાહી ન કરો, તકેદારી જ બચાવ છે !**

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ શહેરના ઓઢવ બ્રિજ પાસે એક અત્યંત આઘાતજનક અને ચેતવણીરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક ૧૮ વર્ષીય કિશોરના ખિસ્સામાં રાખેલો મોબાઈલ ફોન અચાનક બ્લાસ્ટ થતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માતને પગલે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા નાગરિકો માટે આ ઘટના એક લાલબત્તી સમાન સાબિત થઈ છે.

મળતી માહિતી મુજબ, મૃતક કિશોરની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી અને તે ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA) જેવા પ્રતિષ્ઠિત ક્ષેત્રમાં પોતાનું કરિયર બનાવવા માટે સખત અભ્યાસ કરી રહ્યો હતો. તે પોતાના



ભવિષ્યને ઉજ્જવળ બનાવવાના સપના જોઈ રહ્યો હતો, પરંતુ ઓઢવ બ્રિજ નજીક બનેલી આ કાળમુખી ઘટનાએ તેની તમામ આશાઓ અને તેના જીવનનો અકાળે અંત આણી દીધો છે.આ દુર્ઘટનામાં સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે મૃતક કિશોર તેના માતા-પિતાનો એકનો એક લાડકવાયો પુત્ર હતો. ઘડપણની લાકડી સમાન એકમાત્ર પુત્રએ આ રીતે અચાનક દુનિયામાંથી વિદાય લેતા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે. પોતાના વહાલસોયા દીકરાના મોતના સમાચાર સાંભળતા જ માતા-પિતા સહિત સમગ્ર પરિવાર ઘેરા શોકમાં ડૂબી ગયો છે અને પરિવારમાં આક્રંદનો માહોલ છવાયો છે. આ ઘટના સોશિયલ મીડિયા અને આધુનિક યુગમાં જીવતા દરેક મોબાઈલ ધારક માટે એક ગંભીર ચેતવણી છે. અવારનવાર મોબાઈલ ઓવરહીટ થવા અથવા લોકલ બેટરીના કારણે બ્લાસ્ટ થવાની ઘટનાઓ સામે આવતી હોય છે, પરંતુ આ કિસ્સાએ સાબિત કર્યું છે કે ખિસ્સામાં રાખેલો ફોન પણ કેટલો જીવલેણ નીવડી શકે છે. તંત્ર અને નિષ્ણાતો દ્વારા પણ લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે ફોનને વધુ પડતો ચાર્જ ન કરવો અને ગરમ થતી સપાટીઓથી દૂર રાખવો, જેથી આવી મોટી હોનારતથી બચી શકાય.

ભારતના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે - પ્યૂ રિસર્ચ સેન્ટરનો સર્વે

# દેશમાં 65 કરોડ હિન્દુઓ માંસ ખાય છે !




**હિન્દુની વસ્તી**

79.8% વસ્તી

▶ 65 કરોડ હિન્દુઓ માંસ ખાય છે

**મુસ્લિમની વસ્તી**

14% વસ્તી

98% માંસાહારી

**ખ્રિસ્તી સમુદાયની વસ્તી**

2.3% વસ્તી

98% માંસ ખાય છે

**શાકાહારીઓનું સૌથી વધુ પ્રમાણ**

જૈન —અને— શીખ સમુદાયોમાં

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વિશ્વભરમાં માણસોની જીવનશૈલી અને ખાવાની આદતો મોટાભાગે તેમના ધર્મ અને સંસ્કૃતિથી પ્રભાવિત હોય છે. જ્યારે માંસની વાત આવે છે ત્યારે વિવિધ ધાર્મિક સમુદાયોમાં માંસ ખાવા અંગે રસપ્રદ આંકડાઓ બહાર આવ્યા છે. અસંખ્ય આંકડાકીય અને વસ્તી વિષયક અભ્યાસો દર્શાવે છે કે ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વૈશ્વિક સ્તરે સૌથી વધુ માંસ ખાય છે. ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં પણ વસ્તી વિષયક બાબતોને જોતાં આ આહાર પદ્ધતિ આશ્ચર્યજનક રીતે અલગ છે.

ખ્રિસ્તી ધર્મ વૈશ્વિક સ્તરે સૌથી વધુ વસ્તી ધરાવે છે. ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને કારણે આ ધર્મ સૌથી વધુ માંસ ખાય છે. આંકડા અનુસાર, લગભગ ૯૯ ટકા ખ્રિસ્તી વસ્તી નિયમિતપણે અથવા ક્યારેક ક્યારેક તેમના આહારમાં માંસનો સમાવેશ કરે છે. ખ્રિસ્તી ધર્મ વૈશ્વિક સ્તરે સૌથી વધુ અનુયાયી ધરાવે છે. ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને કારણે આ ધર્મના આહારમાં માંસ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે પશ્ચિમી દેશોથી લઈને એશિયન દેશો સુધી ફેલાયેલું છે અને તે તેમના પરંપરાગત અને દૈનિક આહારનો મુખ્ય ભાગ માનવામાં આવે છે.ખ્રિસ્તી ધર્મ પછી ઈસ્લામ વિશ્વભરમાં બીજા ક્રમનો સૌથી મોટો માંસ ખાનાર ધર્મ છે. ઈસ્લામિક માન્યતાઓ અનુસાર, હલાલ તરીકે તૈયાર કરવામાં આવતા માંસ આ સમુદાયના આહારનો મુખ્ય ભાગ છે.વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે લગભગ ૯૯ ટકા મુસ્લિમ સમુદાય માંસાહારી ખોરાક ખાય છે. મધ્ય પૂર્વથી લઈને ભારતીય ઉપખંડ સુધી મુસ્લિમ પરિવારોના ભોજન અને ખાસ તહેવારોમાં વિવિધ પ્રકારનું માંસ ખાવામાં આવે છે.હિન્દુ ધર્મને ધ્યાનમાં લેતા આ સમુદાયમાં આહારની આદતોમાં નોંધપાત્ર વિવિધતા જોવા મળે છે. ધાર્મિક માન્યતાઓ, પ્રાદેશિક પ્રભાવો અને વૈષ્ણવ ધર્મ જેવા સંપ્રદાયોને કારણે હિન્દુઓમાં શાકાહારીઓની સંખ્યા અન્ય ધર્મો કરતા ઘણી વધારે છે.આ હોવા છતાં હિન્દુ વસ્તીનો એક નોંધપાત્ર ભાગ આશરે ૭૫ ટકા માંસાહારી ખોરાક ખાય છે. ભારતની કુલ વસ્તીમાં હિન્દુઓના મોટા પ્રમાણને કારણે આ સમુદાય દેશમાં માંસ ખાનારાઓમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ભગવાન બુદ્ધના અહિંસાના ઉપદેશો હોવા છતાં બૌદ્ધ ધર્મના લોકો માંસ ખાવાનું ચલણ ખૂબ વધારે છે. વૈશ્વિક આંકડા અનુસાર, લગભગ ૯૭ ટકા બૌદ્ધો માંસ ખાય છે.તેનાથી વિપરીત જૈન ધર્મ અને શીખ ધર્મમાં માંસના વપરાશ અંગે ખૂબ જ કડક નિયમો અને ધાર્મિક પ્રતિબંધો છે. આ જ કારણ છે કે શાકાહારીઓનું સૌથી વધુ પ્રમાણ જૈન અને શીખ સમુદાયોમાં જોવા મળે છે, જ્યાં પ્રાણીઓની હત્યા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. ભારતના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) અને પ્યૂ રિસર્ચ સેન્ટરના અભ્યાસ મુજબ, દેશની કુલ વસ્તીના ૭૯.૮ ટકા હિન્દુઓ છે. આ ટકાવારીના આધારે ભારતમાં આશરે ૬૫ કરોડ હિન્દુઓ માંસ ખાય છે દેશમાં મુસ્લિમ વસ્તી ૧૪.૨% છે, જેમાંથી આશરે ૯૭% થી ૯૮% માંસાહારી છે. ખ્રિસ્તી સમુદાય ભારતની વસ્તીના ૨.૩% છે, અને આ નાના જૂથમાં પણ લગભગ ૯૮% લોકો તેમના આહારમાં માંસને પ્રાથમિકતા આપે છે.

## ભઠ્ઠીમાં કોલસો નહીં મળતા હજુ પણ ભાવ વધશે

# ઈંટોના ભાવ વધ્યા



## મજૂરોની અછત, ખર્ચ વધતા 1500 ઈંટનો ભાવ પહેલા 10,000 હવે 11,000 થયા



### ભાવવધારાના મુખ્ય કારણો

- **ડીઝલના ભાવમાં વધારો :** પરિવહન અને ટ્રેક્ટર ખર્ચ વધતા ઈંટના ભાવમાં વધારો.
- **મજૂરોની અછત :** કુશળ અને અકુશળ મજૂરોના વેતનમાં સતત વધારો.
- **ઉત્પાદન ખર્ચમાં વધારો :** વીજળી, મશીનરી અને કાચા માલના ખર્ચમાં વધારો.
- **બાંધકામની વધતી માંગ :** રાજકોટમાં નવા રહેણાંક અને કોમર્શિયલ પ્રોજેક્ટ વધતા માંગમાં ઉછાળો.



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે વધુ એક મોંઘવારીનો ઝટકો સામે આવ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી બાંધકામ સામગ્રીના ભાવમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. હવે ઈંટના ભાવમાં પણ વધારો થતાં ઘર બનાવવાનું સપનું વધુ મોંઘું બન્યું છે. સ્થાનિક બજારમાં અગાઉ ૧૫૦૦ ઈંટ ભરેલા એક ટ્રેક્ટરનો ભાવ આશરે રૂ.૧૦,૦૦૦ હતો, જે હવે વધીને રૂ.૧૧,૦૦૦ સુધી પહોંચી ગયો છે. એક જ ટ્રેક્ટર દીઠ રૂ.૧,૦૦૦ના વધારાએ બિલ્ડરો, કોન્ટ્રાક્ટરો તેમજ સામાન્ય ઘર બનાવતા પરિવારોનું બજેટ ખોરવી નાખ્યું છે.

રાજકોટમાં છેલ્લા કેટલાક વર્ષોમાં રહેણાંક અને વ્યાવસાયિક બાંધકામની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. શહેરના નવા વિસ્તારો, રિંગ રોડ આસપાસના ઝોન તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટા પાયે બાંધકામ ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં ઈંટ, સિમેન્ટ, રેતી અને સ્ટીલ જેવી સામગ્રીની માંગ વધી રહી છે. માંગ વધવા સાથે ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાની સીધી અસર હવે ગ્રાહકો પર પડી રહી છે. બાંધકામ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે હાલની સ્થિતિમાં ભાવ ઘટવાની શક્યતા ઓછી છે.

ઈંટ ઉત્પાદકોના જણાવ્યા અનુસાર ઉત્પાદન માટે જરૂરી કાચા



માલના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. વીજળીના વધતા બિલ, મશીનરી જાળવણી ખર્ચ અને પરિવહન ખર્ચને કારણે ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. બીજી તરફ ડીઝલના વધતા ભાવના કારણે ટ્રેક્ટર અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ વધ્યો છે. જેના કારણે ઉત્પાદકો માટે જૂના ભાવે માલ વેચવો મુશ્કેલ બન્યો છે અને અંતે ભાવવધારો અનિવાર્ય બની ગયો છે.

મજૂરોની અછત પણ ભાવવધારાનું એક મુખ્ય કારણ માનવામાં આવી રહી છે. બાંધકામ ક્ષેત્રમાં કુશળ અને અકુશળ મજૂરોની ઉપલબ્ધતા ઘટી રહી છે, જેના કારણે મજૂરી દરમાં સતત વધારો થઈ રહ્યો છે. અગાઉ જે કામદારો ઓછા વેતનમાં કામ કરતા હતા તેઓ હવે વધુ વેતનની માંગ કરી રહ્યા છે. મજૂરી ખર્ચ વધતા તેની સીધી અસર બાંધકામ સામગ્રી અને તૈયાર મકાનોના ભાવ પર પડી રહી છે.

આ ભાવવધારાની સૌથી મોટી અસર મધ્યમ વર્ગના પરિવારો પર જોવા મળી રહી છે. પોતાના સપનાનું ઘર બનાવવા માટે વર્ષો સુધી બચત કરનારા લોકો માટે હવે બાંધકામ ખર્ચ વધારાનો બોજ બની રહ્યો છે. એક સામાન્ય મકાનના બાંધકામમાં હજારો ઈંટની જરૂર પડતી હોવાથી માત્ર ઈંટના ભાવમાં થયેલો વધારો જ લાખો રૂપિયાનો વધારાનો ખર્ચ ઊભો કરી શકે છે. બિલ્ડરોનું કહેવું છે કે આગામી સમયમાં ફ્લેટ અને રહેણાંક પ્રોજેક્ટની કિંમતમાં પણ વધારો જોવા મળી શકે છે. બાંધકામ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓનું માનવું છે કે જો ડીઝલ, વીજળી અને કાચા માલના ભાવમાં રાહત નહીં મળે તો આગામી મહિનાઓમાં ભાવમાં વધુ વધારો થઈ શકે છે. હાલની સ્થિતિમાં ઘર બનાવવું કે નવો પ્રોજેક્ટ શરૂ કરવો બંને વધુ ખર્ચાળ બની રહ્યા છે. રાજકોટમાં બાંધકામ ક્ષેત્રે વધતી મોંઘવારીને કારણે સામાન્ય લોકો, બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોમાં ચિંતા વધી રહી છે.

### સોશિયલ મીડિયામાં શું જોવે છે ભારત !

# બ્યુટી, મેકઅપ, ફેશન, ફિટનેસની ઈન્સ્ટાગ્રામ રીલ્સ જોવાનો લોકોને રસ




ભારતમાં સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ સૌથી વધુ લાઈફસ્ટાઈલ, કોમેડી, સ્પોર્ટ્સ અને ટ્રાવેલ કન્ટેન્ટ જોવામાં રસ દાખવી રહ્યા છે. તાજતરના સર્વે મુજબ લોકોની પસંદગીના ટોપ કેટેગરી આ રહી.



**લાઈફસ્ટાઈલ અને ફિટનેસ** (લોકો સ્વાસ્થ્ય અને રોજિંદા જીવનને સુધારતા વિડિયો જોઈ રહ્યા છે) — 42%



**કોમેડી અને મીમ્સ** (મનોરંજન અને હળવી મજાક-મસ્તી માટે) — 39%



**સ્પોર્ટ્સ (રમતગમત)** (ક્રિકેટ અને અન્ય રમતોના અપડેટ્સ) — 38%



**ટ્રાવેલ કન્ટેન્ટ** (ફરવા માટેની નવી જગ્યાઓની શોધ માટે) — 37%



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતમાં શોર્ટ વીડિયો કન્ટેન્ટનો ક્રેઝ અટકવાનું નામ નથી લઈ રહ્યો. આજની તારીખમાં રીલ્સ સ્ક્રોલ કરવી એ આપણે ભારતીયોની રોજિંદી ડિજિટલ આદતોનો એક મહત્વનો ભાગ બની ગઈ છે. મેટ્રો ટ્રેનની મુસાફરી હોય, ઓફિસનો લંચ બ્રેક હોય કે રાત્રે સૂતા પહેલાનો સમય હોય-સ્માર્ટફોન પર અંગૂઠો સતત ઉપરની તરફ સ્વાઈપ થતો રહે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આપણે ભારતીયો રીલ્સ પર સૌથી વધુ સમય કેવા પ્રકારનું કન્ટેન્ટ જોવામાં વિતાવી રહ્યા છીએ? આ વાતનો ખુલાસો કરવા માટે સોશિયલ મીડિયા જાયન્ટ મેટા (Meta) વતી રિસર્ચ એજન્સી IPSOSએ એક રસપ્રદ સ્ટડી કરી છે. આ સર્વેમાં દેશના ૨૩ શહેરો અને ગ્રામીણ વિસ્તારોના ૪,૦૦૦ થી વધુ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. ચાલો જાણીએ કે આ લેટેસ્ટ રિપોર્ટમાં કયા મોટા અને ચોંકાવનારા ટ્રેન્ડ્સ સામે આવ્યા છે.

## બ્યુટી, મેકઅપ અને ફેશન બન્યું નંબર–૧ આકર્ષણ

બ્યુટી, મેકઅપ, ફેશન અને લેટેસ્ટ લાઈફસ્ટાઈલ ટ્રેન્ડ્સ ને લગતા વીડિયો ભારતીય યુઝર્સમાં સૌથી વધુ લોકપ્રિય છે. સર્વેમાં સામેલ પર ટકા લોકોએ સ્વીકાર્યું છે કે તેઓ નિયમિતપણે આવા કન્ટેન્ટ સાથે જોડાયેલા રહે છે. લોકો માત્ર નવી ફેશન સેન્સ જ નથી જોઈ રહ્યા.

## રીલ્સ જોઈને શોપિંગ કરે છે લોકો: બદલાયું ઈ–કોમર્સ

આ રિપોર્ટ દર્શાવે છે કે ઈન્સ્ટાગ્રામ રીલ્સ હવે માત્ર ટાઈમપાસ કે મનોરંજનનું સાધન નથી રહ્યું, પરંતુ તે લોકોના પૈસા ખર્ચવા અને ખરીદી (Shopping) ના નિર્ણયોને પણ સીધી રીતે પ્રભાવિત કરી રહ્યું છે. સોશિયલ મીડિયા કન્ટેન્ટ હવે ડિજિટલ માર્કેટિંગની કરોડરજ્જુ બની ગયું છે.

## ગ્રામીણ ભારત પણ પાછળ નથી: શહેરી-ગ્રામીણનો તફાવત ખતમ

પહેલા એવી સામાન્ય ધારણા હતી કે સોશિયલ મીડિયા અને રીલ્સનો ક્રેઝ માત્ર મોટા શહેરો પૂરતો જ મર્યાદિત છે. પરંતુ આ રિપોર્ટે આ ભ્રમને સંપૂર્ણપણે તોડી નાખ્યો છે. ભારતના ગામડાઓમાં પણ રીલ્સનું તોફાન આવી ગયું છે.સર્વે અનુસાર, દરરોજ વીડિયો જોનારા યુઝર્સની સંખ્યા શહેરી ભારતમાં ૯૮ ટકા છે, તો ગ્રામીણ ભારતમાં પણ આ આંકડો ૯૪ ટકા સુધી પહોંચી ગયો છે. એટલે કે શહેરો અને ગામડાઓ વચ્ચેનું ડિજિટલ અંતર હવે લગભગ ખતમ થઈ ગયું છે. સાથે જ, ૭૩ ટકા ગ્રામીણ ગ્રાહકોએ જણાવ્યું કે તેમણે નવી બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ્સ વિશેની માહિતી મેટા પ્લેટફોર્મ દ્વારા જ મેળવી છે.

## યુવાનો (Gen Z) પર ચડ્યો રીલ્સનો જાદુ

આજની યુવા પેઢી, જેને આપણે Gen Z (૧૯૯૭ થી ૨૦૧૨ વચ્ચે જન્મેલા લોકો) કહીએ છીએ, તે આ ડિજિટલ પરિવર્તનનો સૌથી મોટો ચહેરો બનીને ઉભરી છે. રિપોર્ટ અનુસાર, ૮૯ ટકા Gen Z યુઝર્સ દરરોજ રીલ્સ જુએ છે અથવા કોઈને કોઈ રીતે તેની સાથે જોડાયેલા રહે છે. આ ઉપરાંત, આ પેઢીના ૮૪ ટકા યુવાનો કોઈપણ નવી પ્રોડક્ટ કે બ્રાન્ડ શોધવા માટે સૌથી પહેલા મેટા (ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક) ના પ્લેટફોર્મનો જ સહારો લે છે. યુવાનો માટે હવે ગૂગલ સર્ચ કરતાં વધુ જરૂરી ઈન્સ્ટાગ્રામ રીલ્સ બની ગયું છે.




# “ભારત હિન્દુ રાષ્ટ્ર બનીને જ રહેશે” બાગેશ્વર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો હુંકાર

» હનુમંત કથાના પ્રથમ દિવસે હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

» રાજકોટમાં ત્રણ વર્ષ બાદ બાગેશ્વર બાબાનું આગમન

» હિન્દુઓને જોડવા માટે કથાનું આયોજનઃ ધીરેન્દ્ર શાસ્ત્રી

» બે દિવસ કથા અને એક દિવસ દિવ્ય દરબાર યોજાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે સૌરાષ્ટ્ર સનાતન સમિતિ આયોજિત ’સનાતન સેતુ હનુમંત કથા’ નો ભવ્યાતિભવ્ય પ્રારંભ થયો છે. કથાના પ્રથમ દિવસે ધીરેન્દ્ર શાસ્ત્રીજી (બાગેશ્વર ધામ) ના મુખેથી કથા શ્રવણ કરવા હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ૩ વર્ષ બાદ રાજકોટ પધારેલા બાબાનું સંતો–મહંતો દ્વારા ભવ્ય સન્માન કરાયું હતું. કથા પૂર્વે સી.સી. ધ રોકસ્ટાર બેન્ડ અને બોલિવૂડ પ્લેબેક સિંગર ચૈતાલી છાયાએ ’રામ સિયારામ’ ની ધૂનથી ભક્તિમય માહોલ સર્જ્યો હતો.

કથાની શરૂઆતમાં ધીરેન્દ્ર શાસ્ત્રીજીએ ગુજરાતની સંતભૂમિને નમન કરતા હુંકાર કર્યો હતો કે, હનુમાન દાદાના આશીર્વાદથી ભારત હિન્દુ રાષ્ટ્ર બનીને જ રહેશે. આ કથાનો મુખ્ય હેતુ હિન્દુઓને એકજૂટ કરવાનો છે. તેમણે વિરોધીઓ પર પ્રહાર કરતા કહ્યું કે, અમારો વિરોધ કરનારાઓએ લવ જેહાદનો પણ વિરોધ કરવો જોઈએ. મારો વિરોધ કરવા કરતા દરગાહ પર ચાદર ચડાવવા જતા હિન્દુઓનો વિરોધ કરો.

બાબાએ ’AI’ નો અર્થ ’આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’ ના બદલે ’હિન્દુત્વ ઈન્ટેલિજન્સ’ ગણાવ્યો હતો. તેમણે અપીલ કરી કે ધર્માંતરણ અટકાવવા અમીર હિન્દુઓએ ગરીબ હિન્દુઓની મદદ કરવી જોઈએ. પરમાત્મા જાણવાનો નહીં, પણ અનુભવ કરવાનો વિષય છે. બુરાઈને મારવા આત્મામાં રામને જગાડવા જ પડશે. સંસાર પર નહીં, પણ ભગવાન પર ભરોસો રાખો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને માન આપી અનેક શ્રદ્ધાળુઓ ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પબ્લિક ટ્રાન્સપોર્ટ મારફતે કથા સ્થળે પહોંચ્યા હતા. ૩ દિવસીય આ આયોજનમાં કથા શ્રવણની સાથે સાંજે ભક્તો માટે લોકસાહિત્યના કાર્યક્રમો પણ યોજાશે. ૬ જૂને યોગેશ બોક્સા અને ૭ જૂને દેવ ભટ્ટ તથા બિરજુ બારોટ લોકડાયરાની રમઝટ બોલાવશે. કથા દરમિયાન ૧ દિવસ દિવ્ય દરબારનું પણ આયોજન કરાયું છે.

## ‘પરમાત્મા જાણવા માટે નહીં, અનુભવ કરવાનો વિષય છે’ : ધીરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રી



રસોડુ છૂટ્યું, સપના જાગ્યા, મહિલાઓને મળી નવી દિશા

# ‘કોમ્યુનિટી કિચન’ વોરા મહિલાઓને બપોરે રસોઈ બનાવવામાંથી મુક્તિ






## રાજકોટમાં રહેતા તમામ વોરા પરિવાર માટે ‘ટિફિન સેવા’ : 365 દિવસ બપોરે ટિફિન ઘરે આવી થાય

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ચાર દાયકાથી વધુ સમય સુધી રસોડાના ધુમાડામાં જીવન વિતાવ્યા બાદ એક વૃદ્ધ મહિલાએ હવે રસોઈની જવાબદારીમાંથી મુક્તિ મેળવી છે. છેલ્લા કેટલાક મહિનાથી તેમણે પરિવાર માટે રસોઈ બનાવવાનું બંધ કર્યું છે અને હવે તેઓ ઘરેથી જ નાના વ્યવસાય દ્વારા પરિવારની આવકમાં સહયોગ આપી રહ્યા છે.

દાઉદી બોહરા સમુદાયમાં “કોમ્યુનિટી કિચન” નામની વ્યવસ્થાને કારણે અનેક મહિલાઓને રોજિંદી રસોઈના કામમાંથી રાહત મળી છે.

આ વિચાર સમુદાયના ધાર્મિક નેતૃત્વ દ્વારા થોડાં વર્ષો પહેલાં રજૂ કરવામાં આવ્યો હતો, જેના હેતુ મહિલાઓને ઘરકામમાંથી મુક્ત કરી તેમને શિક્ષણ, ધાર્મિક પ્રવૃત્તિઓ અને નાના વ્યવસાય તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરવાનો છે.

રાજકોટ, જ્યાં આશરે ૨,૨૦૦ બોહરા પરિવારો વસે છે, ત્યાં આ સિસ્ટમને વિશેષ પ્રતિસાદ મળ્યો છે. તેમાંમાંથી લગભગ અડધા પરિવારો કોમ્યુનિટી કિચનથી દરરોજ ટિફિન સેવા મેળવે છે. પરિવારો દર મહિને નક્કી રકમનું યોગદાન આપે છે અને તેમને દિવસમાં બે સમયનું ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવે છે.


સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ, પહેલા મહિલાઓનો મોટો સમય રસોઈમાં જ પસાર થતો હતો, પરંતુ આ વ્યવસ્થાથી તેઓ વધુ સર્જનાત્મક અને આવકદાયક પ્રવૃત્તિઓ તરફ ધ્યાન આપી શકે છે.

કોમ્યુનિટી કિચનના સંચાલકો મુજબ, રસોઈયાઓ માટે વિશેષ તાલીમ આપવામાં આવે છે જેથી ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા જળવાઈ રહે. શહેરમાં અનેક રસોડાં કાર્યરત છે જે વિવિધ વિસ્તારોમાં સેવા આપે છે.

આ વ્યવસ્થા માત્ર ભોજન પૂરું પાડતી નથી, પરંતુ સમુદાયમાં સમાનતા, સહકાર અને એકતાને પણ મજબૂત બનાવે છે. સાથે સાથે, જરૂરિયાતમંદ પરિવારોને સબસિડી દરે ભોજન પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

### કારણ શું

**રસોઈના કામમાંથી મહિલાઓ મૂક્ત કરી ધાર્મિક પ્રવૃત્તિઓ બાળકોના શિક્ષણ અને નાના વ્યવસાયો તરફ ધ્યાન આપવા શરૂ કરાયું છે**



દાઉદી બોહરા સમુદાયના ધાર્મિક વડા ડો. સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીને આ સેવા શરૂ કરાવી હતી



## વૈભવ સૂર્યવંશી ઈન્ડિયન ટીમમાં સિલેક્ટ થનાર સૌથી યુવા ક્રિકેટર

# ક્રિકેટનો યુવા સ્ટાર

## સસીન તેંડૂલકર 16 વર્ષે જોડાયો હતો વૈભવે 15 વર્ષે એન્ટ્રી લીધી

**સિટી ન્યૂઝ@ભોપાલ**

વૈભવ સૂર્યવંશી ઈન્ડિયન ક્રિકેટ ટીમમાં પસંદગી પામનારો અત્યાર સુધીનો સૌથી યુવા ખેલાડી બની ગયો છે. ૧૫ વર્ષ અને ૭૧ દિવસની ઉંમર ધરાવતા વૈભવની જૂન-જુલાઈમાં આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની T૨૦ સિરીઝની સાથે-સાથે સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે પણ પસંદગી કરવામાં આવી છે. એશિયન ગેમ્સમાં ક્રિકેટની મેચ T૨૦ ફોર્મેટમાં જ રમાય છે. શ્રેયસ અય્યરને T૨૦ ફોર્મેટમાં ભારતનો નવો કેપ્ટન બનાવ્યો છે. વર્લ્ડ કપ જીતનારા સૂર્યકુમાર યાદવ પાસેથી કેપ્ટનશીપ છીનવી લેવામાં આવી છે અને તેને ટીમમાંથી પણ બહાર કરી દેવાયો છે. તિલક વર્માને T૨૦ ટીમના વાઈસ-કેપ્ટન બનાવ્યો છે.

ટીમમાં પહેલીવાર સિલેક્ટ થવાના દિવસે સૌથી ઓછી ઉંમરના મામલે વૈભવે શેફાલી વર્માનો રેકોર્ડ તોડ્યો છે. આ પહેલા શેફાલી મેન્સ અને વુમન્સ ક્રિકેટ બંનેમાં ભારતીય ટીમ માટે પસંદ થનાર સૌથી યુવા ખેલાડી હતી. શેફાલી જ્યારે પહેલીવાર સિલેક્ટ થઈ હતી ત્યારે તે ૧૫ વર્ષ, ૨૨૦ દિવસની હતી. જ્યારે, મેન્સ ક્રિકેટરોમાં આ રેકોર્ડ સચિન તેંડુલકરના નામે હતો. સચિન ૧૬ વર્ષ, ૧૯૪ દિવસની ઉંમરે ભારતીય ટીમમાં પસંદ થયા હતા. શેફાલીએ ૧૫ વર્ષ ૨૩૯ દિવસની ઉંમરે ભારત માટે પહેલી મેચ રમી લીધી હતી. જ્યારે, સચિને ૧૬ વર્ષ ૨૦૫ દિવસની ઉંમરે ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. વૈભવને જો ઈંગ્લેન્ડ-આયર્લેન્ડ ટૂર કે એશિયન ગેમ્સમાં એક પણ મેચ રમવાનો મોકો મળી જાય છે તો તે શેફાલી અને સચિન બંનેને પાછળ છોડીને ભારત માટે રમનાર સૌથી યુવા ક્રિકેટર બની જશે.

અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝમાં વિરાટ કોહલીની જગ્યાએ યશસ્વી જયસ્વાલ રમશે. ચીફ સિલેક્ટર અજિત અગરકરે જણાવ્યું કે, જયસ્વાલ ઈજાગ્રસ્ત કોહલીના રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ થશે. વિરાટ કોહલી હેમસ્ટ્રિંગ ઈન્જરીના કારણે આ સિરીઝમાંથી બહાર થઈ ગયો છે.

શુભમન ગિલ (કેપ્ટન), શ્રેયસ અય્યર, રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, હર્ષ દુબે, પ્રસિદ્ધ ક્રિષ્ના, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, કુલિદપ યાદવ અને ગુરનૂર બરાર.

## શ્રેયસ અય્યર T20નો નવો કેપ્ટન

વૈભવ સૂર્યવંશીએ IPL ૨૦૨૬માં સૌથી વધુ ૭૭૬ રન બનાવ્યા અને ઓરેન્જ કેપ જીતી. વૈભવે મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર, ઈમર્જિંગ પ્લેયર ઑફ ધ યર, સુપર સ્ટ્રાઈકર અને સૌથી વધુ છગ્ગા મારવાનો એવોર્ડ પણ જીત્યો. આ સીઝનમાં તેણે ૩૬ બોલમાં સદી ફટકારી હતી, જ્યારે ત્રણ વખત ૯૦ થી ૧૦૦ રનની વચ્ચે આઉટ થયો હતો. શ્રેયસે IPL ૨૦૨૬માં પંજાબ કિંગ્સ માટે ૧૬૮.૮૧ના સ્ટ્રાઈક રેટથી ૪૯૮ રન બનાવ્યા હતા. આ સીઝનમાં તેણે લખનઉ સુપર જાયન્ટ્સ સામે IPLની પોતાની પ્રથમ સદી પણ ફટકારી હતી. તે ૨૦૨૫માં પંજાબને ફાઈનલ સુધી લઈ ગયો હતો, જ્યાં તેણે ૬૦૪ રન બનાવ્યા હતા. આ પહેલા તેણે ૨૦૨૪માં કોલકાતા નાઈટ રાઈડર્સને ખિતાબ જીતાડ્યો હતો અને ૨૦૨૦માં દિલ્હી કેપિટલ્સને ફાઈનલમાં પહોંચાડ્યો હતો.

૩૫ વર્ષીય સૂર્યાનું તાજેતરનું ફોર્મ ખરાબ રહ્યું છે. આ કારણે પણ તેને ટીમમાં સ્થાન મળી શક્યું નથી. તેણે T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ૯ ઈનિંગ્સમાં ૧૩૬.૭૨ના સ્ટ્રાઈક રેટથી ૨૪૨ રન બનાવ્યા હતા. આ ઉપરાંત, IPLની ૧૩ ઈનિંગ્સમાં પણ તે ૨૦.૭૬ની ખરાબ સરેરાશથી માત્ર ૨૭૦ રન જ બનાવી શક્યો હતો. તે માત્ર ૨ વખત જ ૫૦ રનના આંકડા સુધી પહોંચી શક્યો હતો.



### આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય T૨૦ ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ-કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને પ્રિન્સ યાદવ.

### એશિયન ગેમ્સ માટે ભારતીય T૨૦ ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ-કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ.

## મીડિયા માટે રાહત; હાઈકોર્ટનો મોટો નિર્ણય

# કોર્ટમાં બોલાયું એટલે છાપી શકાશે; મીડિયાને મોટી છૂટ




- **પ્રેસ પર લગામ નહીં,** કોર્ટ ઓર્ડર પર રિપોર્ટિંગને લીલીઝંડી
- **અખબારો સામેની કાર્યવાહી રદ્દ,** હાઈકોર્ટ કન્ટેમ્પ્ટ પિટિશન ફગાવી
- **જજની સાઈન બાકી હોય તો ખુલ્લી કોર્ટના ઓર્ડરનું રિપોર્ટિંગ ગુનો નથી**

> “ લોકશાહીમાં પ્રેસની સ્વતંત્રતા મહત્વની, કોર્ટની કાર્યવાહી પર રિપોર્ટિંગ અપરાધ ગણાવી શકાય નહીં.
> — ગુજરાત હાઈકોર્ટ ”



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

પંજાબ તેમજ હરિયાણા હાઈકોર્ટે કહ્યું છે કે જો કોઈ અદાલતના આદેશની ખુલ્લી કોર્ટમાં જાહેરાત થઈ ચૂકી હોય, તો તેનું રિપોર્ટિંગ કરવા બદલ અખબારો સામે ગુનાહિત તિરસ્કારની કાર્યવાહી ન કરી શકાય, ભલે તે આદેશ પર જજના હસ્તાક્ષર હજુ ન થયા હોય.આ ચુકાદાથી ધ ટ્રિબ્યુનના એડિટર-ઈન-ચીફ જ્યોતિ મલ્હોત્રા અને હિન્દુસ્તાન ટાઈમ્સ તેમજ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રીઓ અને રિપોર્ટરોને રાહત મળી છે.આ લોકો પર તે સમાચારને લઈને ગુનાહિત તિરસ્કારની કાર્યવાહી ચાલી રહી હતી, જેમાં હાઈકોર્ટ દ્વારા કોટકપુરા પોલીસ ફાયરિંગ કેસોને ફરીદકોટથી ચંદીગઢ ટ્રાન્સફર કરવાની માહિતી પ્રકાશિત કરવામાં આવી હતી.જસ્ટિસ જસગુરપ્રીત સિંહ પુરી અને જસ્ટિસ અમરજોત ભટ્ટીની ડિવિઝન બેન્ચે તિરસ્કારની અરજી ફગાવી દીધી. અદાલતે કહ્યું કે ત્રણેય અખબારોએ જે રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો, તે સાચો હતો અને અદાલતની કાર્યવાહીનું સાચું રિપોર્ટિંગ કાયદા હેઠળ સુરક્ષિત છે. આ આદેશ ગયા મહિને આપવામાં આવ્યો હતો, પરંતુ ગુરૂવારે જાહેર કરવામાં આવ્યો.આ મામલો બે અરજીઓ સાથે જોડાયેલો હતો, જેને હાઈકોર્ટની સિંગલ બેન્ચ સમક્ષ ચરણજીત શર્મા અને પરમરાજ સિંહ ઉમરાનંગલે દાખલ કરી હતી. બંનેએ કોટકપુરા FIR કેસોની સુનાવણી ફરીદકોટની સેશન કોર્ટથી ચંદીગઢ ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. સિંગલ બેન્ચે ૯ એપ્રિલના રોજ બંને અરજીઓ પર એક સાથે સુનાવણી કરી અને ખુલ્લી કોર્ટમાં આદેશ સંભળાવતા કેસોને ચંદીગઢ મોકલવાનો નિર્દેશ આપ્યો.જો કે, આદેશ પર હજુ હસ્તાક્ષર થયા નહોતા. તેમ છતાં ધ ટ્રિબ્યુન, હિન્દુસ્તાન ટાઈમ્સ અને ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ ૧૦ એપ્રિલની સવારે સમાચાર પ્રકાશિત કર્યા કે હાઈકોર્ટે કોટકપુરા કેસોને ચંદીગઢ ટ્રાન્સફર કરી દીધા છે. સિંગલ બેન્ચે આના પર સખત વાંધો ઉઠાવ્યો. અદાલતે કહ્યું કે આદેશ પર હસ્તાક્ષર થયા નહોતા, તેથી પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે સમાચાર આધાર વગર પ્રકાશિત કરવામાં આવ્યા અને આ અદાલતની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો તેમજ ન્યાય વહીવટને પ્રભાવિત કરવાનો પ્રયાસ હોઈ શકે છે. આ પછી અદાલતે સુઓ મોટો સંજ્ઞાન લેતા તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી અને મામલો ડિવિઝન બેન્ચને મોકલી આપ્યો.ડિવિઝન બેન્ચે અખબારોના રિપોર્ટ અને અદાલતના આદેશનો અભ્યાસ કર્યો અને જોયું કે અખબારોએ સાચા તથ્યો પ્રકાશિત કર્યા હતા. વાસ્તવમાં મુકદ્દમાઓની સુનાવણી ફરીદકોટથી ચંદીગઢ ટ્રાન્સફર કરવામાં આવી હતી. અદાલતે Contempt of Courts Act, ૧૯૭૧ ની કલમ ૪ નો હવાલો આપ્યો, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ તબક્કે ન્યાયિક કાર્યવાહીનું નિષ્પક્ષ અને સાચું રિપોર્ટિંગ પ્રકાશિત કરવું એ તિરસ્કાર માનવામાં આવશે નહીં. કેમ કે રિપોર્ટિંગ સાચું હતું, તેથી અખબારોને કાનૂની સંરક્ષણ પ્રાપ્ત હતું.ડિવિઝન બેન્ચે એ કાનૂની સવાલ પણ સ્પષ્ટ કર્યો કે શું હસ્તાક્ષર વગરનો ચુકાદો અસરકારક માની શકાય.

## હવે અખબારમાં ભોજન પીરસવામાં આવશે તો કાર્યવાહી



જો તમે પણ રસ્તાની બાજુમાં લારીમાંથી ગરમા ગરમ વડાપાવ, સમોસા કે ચાટ અખબારમાં લપેટીને ખાવાનો શોખ ધરાવતા હોવ તો સાવધાન રહો. આ પસંદગી તમને ગંભીર રીતે બીમાર કરી શકે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ હવે આ બાબતે કડક વલણ અપનાવ્યું છે. એનડીટીવીના રિપોર્ટ અનુસાર, FSSAI એ દેશભરના તમામ ખાદ્ય વિક્રેતાઓ, રેસ્ટોરન્ટ માલિકો, સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓ અને ખાદ્ય વ્યવસાય સંચાલકોને કડક ચેતવણી જાહેર કરી છે, જેમાં તાત્કાલિક અસરથી અખબારમાં ખાદ્ય પદાર્થોનું પેકેજિંગ અથવા પીરસવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મુંબઈમાં તાજેતરમાં કરવામાં આવેલી મોટી કાર્યવાહી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈમાં એક ખૂબ જ પ્રખ્યાત વડાપાવ વિક્રેતા ગ્રાહકોને અખબારમાં ખોરાક પીરસતો અને પેકિંગ કરી આપતો જોવા મળ્યો હતો. આ ઘટના બાદ FSSAIના પશ્ચિમ ઝોન અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ સંયુક્ત રીતે દુકાન સામે કાર્યવાહી કરી હતી. આ ઘટના બાદ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે આ આદેશનો અનાદર કરનાર કોઈપણ દુકાનદાર કે વિક્રેતા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# જે. ડબ્લ્યુ. મૅરિયટની ગ્લોબલ બ્રેન્ડ એમ્બેસેડર બની એશ્વર્યા રાય



ઐશ્વર્યા રાય બચ્ચન સોશ્યલ મીડિયા પર બહુ સક્રિય નથી રહેતી પણ હાલમાં તેણે લાંબા સમય બાદ એક નવી પોસ્ટ શૅર કરીને પોતાની સિદ્ધિ જણાવી છે. ઐશ્વર્યાને લક્ઝરી હૉટેલ બ્રૅન્ડ જે. ડબ્લ્યુ. મૅરિયટની પ્રથમ ગ્લોબલ બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર તરીકે પસંદ કરવામાં આવી છે. ઐશ્વર્યાએ આ સમાચાર સોશ્યલ મીડિયામાં એક તસવીર સાથે શૅર કર્યા છે. ઐશ્વર્યાએ આ તસવીર સાથે લખ્યું હતું, 'હું હંમેશાં માનતી આવી છું કે જીવનનો સાચો આનંદ એ પળોમાં છુપાયેલો હોય છે જેને આપણે દિલથી જીવીએ છીએ. જે આપણી યાદનો ભાગ બની જાય છે અને જેને આપણે હંમેશાં સાચવી રાખીએ છીએ. મને એ જાણ કરતી વખતે ખૂબ ગૌરવ અને સન્માનની લાગણી થાય છે કે હું જે. ડબ્લ્યુ. મૅરિયટ હૉટેલ્સની પ્રથમ ગ્લોબલ બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર તરીકે જોડાઈ રહી છું. જાહ્નવી કપૂરની ફિલ્મ 'પેડ્ડી' ગઈ કાલે રિલીઝ થઈ છે. આ રિલીઝના દિવસે જાહ્નવીએ દિવસની આધ્યાત્મિક શરૂઆત કરી હતી.







# મુન્ની થઈ ગઈ 18 વર્ષની

'બજરંગી ભાઈજાન'માં નાની મુન્નીનું યાદગાર પાત્ર ભજવનારી હર્ષાલી મલ્હોત્રાએ બુધવારે પોતાની ૧૮મી વર્ષગાંઠ ઊજવી હતી. તેણે આ ઉજવણીની કેટલીક સુંદર તસવીરો સોશ્યલ મીડિયા પર શૅર કરી છે અને એમાં તે કેક કાપતી જોવા મળી રહી છે. પોતાની ૧૮મી વર્ષગાંઠની ઝલક શૅર કરતાં હર્ષાલીએ લખ્યું હતું, 'ચૅપ્ટર ૧૮ : અનલૉક્ડ. હવે હું ઑફિશ્યલી ઍડલ્ટ બની ગઈ છું, પરંતુ હજી પણ શીખી રહી છું. નવી શરૂઆત, મોટાં સપનાં અને ક્યારેય ન ભુલાય એવી યાદો. ૧૮ વર્ષ પોતાને સમજવામાં પસાર કર્યાં છે. હજી તો ઘણું સારું થવાનું બાકી છે. હર્ષાલીએ ૨૦૧૫ની બ્લૉકબસ્ટર ફિલ્મ 'બજરંગી ભાઈજાન'માં કામ કર્યું હતું.



સલમાન ખાન સાથે તેના બૉન્ડિંગને દર્શકોએ ખૂબ પસંદ કર્યું હતું. ૧૮ વર્ષની હર્ષાલી હવે ફિલ્મોમાં મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળી રહી છે. સાઉથની ફિલ્મ 'અખંડા ૨'માં તેણે લીડ ઍક્ટ્રેસનો રોલ ભજવ્યો હતો.



# 61 વર્ષે આમિર ખાન 5 જૂલાઈએ ત્રીજા લગ્ન કરશે

આમિર ખાને ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્નના સમાચાર ગુરુવારે કન્ફર્મ કર્યા. આમિરના આ ત્રીજા લગ્ન હશે. વેરાયટી ઈન્ડિયા સાથે વાત કરતા તેણે કહ્યું, 'હું અત્યારે અમેરિકામાં છું. લગ્નના સમાચાર સાચા છે. અમારા લગ્ન ૫ જુલાઈએ થશે. થોડા મહિના પહેલા આમિરે કહ્યું હતું કે લગ્ન તેની પ્રાથમિકતા નથી અને તે ગૌરી સાથે આમ જ ખુશ છે, પરંતુ હવે તેનું કહેવું છે કે સમયની સાથે બંનેની ભાવનાઓ બદલાઈ ગઈ છે. આમિરે કહ્યું, 'હવે અમને બંનેને લાગે છે કે અમારા સંબંધને આગલા સ્તર પર લઈ જવાનો સમય આવી ગયો છે. તેણે આગળ કહ્યું, 'ગૌરી અને હું એકબીજા પ્રત્યે સિરીયસ છીએ. અમે એક પાવરફૂલ રિલેશનશિપમાં છીએ. મારા દિલમાં તો હું પોતાને પહેલાથી જ તેનો પતિ માનું છું. હવે આ સંબંધને લગ્નનું નામ આપવું એ અમારા સાથની એક સ્વાભાવિક આગામી શરૂઆત છે. આમિરે પહેલા લગ્ન વર્ષ ૧૯૮૬માં ફિલ્મ પ્રોડ્યુસર રીના દત્તા સાથે કર્યા હતા. વર્ષ ૨૦૦૨માં રીનાથી અલગ થયા પછી આમિરે વર્ષ ૨૦૦૫માં ડિરેક્ટર કિરણ રાવ સાથે બીજા લગ્ન કર્યા હતા.

## ગર્લફ્રેન્ડ ગૌરીને જીવન સંગીની બનાવશે





## પંજાબના મોહાલીની ઘટના


# પ્રેમિકાએ બ્રેકઅપ કરતા પ્રેમીએ 30 છરીના ઘા માર્યા

### ડિમ્પલ ઓફિસમાં કામ કરી હતી પ્રેમી આવી જાહેરમાં હથિયાર લઈ તૂટી પડ્યો

**સિટી ન્યૂઝ@મોહાલી**

પંજાબના મોહાલીમાંથી એક ભયાનક ઘટના સામે આવી છે. જ્યાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી યુવતીની તેની ઓફિસમાં જ તેના પૂર્વ પ્રેમીએ કરપીણ હત્યા કરી છે. ડિમ્પલ નામની યુવતી જ્યારે ઓફિસમાં કામ કરી રહી હતી, જ્યારે સાથે ઓફિસમાં કામ કરતો તેનો પૂર્વ પ્રેમી હરવિંદર ઉર્ફે હેરી પાછળથી આવ્યો અને ડિમ્પલ પર તીક્ષ્ણ હથિયાર લઈને તૂટી પડ્યો, તેણે ડિમ્પલને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા બાદ પોતાનું ગળુ કાપીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો, પણ તેને સફળતા મળી નહીં. આ ઘટના બાદ બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં પટિયાલાની રહેવાસી ડિમ્પલનું મોત થયું હતું. જ્યારે આરોપી હરવિંદર માન ઉર્ફે હેરીની હાલત નાજુક હોય તેવું કહેવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે હત્યાનો ગુનો નોંધીની તપાસ શરૂ કરી દીધી છે.

ડિમ્પલ અને હેરી બંને એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા હતા. આ કંપની પેકર્સ એન્ડ મૂવર્સનું કામ કરે છે. લગભગ ત્રણ વર્ષથી બંને સાથે કામ કરતા હતા. આ દરમિયાન બંને વચ્ચે મિત્રતા થઈ






અને પછી પ્રેમ સંબંધ પણ થયો. જોકે, થોડા સમય પહેલા બંનેનું બ્રેકઅપ થઈ ગયું હતું. ત્યારથી હેરી ડિમ્પલથી નારાજ હતો. આ કારણે જ તેણે ડિમ્પલની કરપીણ હત્યા કરી.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, બ્રેકઅપ પછી હેરી અંદરથી ખૂબ જ તૂટી ગયો હતો અને માનસિક રીતે પરેશાન રહેતો હતો. તેણે ડિમ્પલ સાથે ફરીથી સંબંધ સુધારવાનો પ્રયાસ કર્યો હતો, પણ વાત બની નહોતી. આથી તે વધુ પરેશાન થઈ ગયો હતો અને તેણે આવેશમાં આવીને આવું પગલું ભરી લીધું.

## ઈન્દૌરની ઘટનાએ ચોંકાવ્યા

# મનપસંદ જીન્સ ખરાબ થઈ જતા 18 વર્ષના યુવકનો આપઘાત



**સિટી ન્યૂઝ@ભોપાલ**

અહીં માત્ર એક જીન્સનો કલર ખરાબ થઈ જવા જેવી નજીવી બાબતમાં ૧૮ વર્ષના એક યુવકે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આ ઘટના ઈન્દોરના સેન્ટ્રલ કોટવાલી પોલીસ સ્ટેશન વિસ્તારની છે, જ્યાં યુવકના આ પગલાંથી આખો પરિવાર આઘાતમાં સરી પડ્યો છે અને સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે.

મળતી માહિતી મુજબ, મૃતક યુવકની ઓળખ ગૌરવ તરીકે થઈ છે. શરૂઆતી તપાસમાં સામે આવ્યું છે કે આ આત્મઘાતી પગલું ભરતા પહેલાં ઘરમાં એક નાની બાબતને લઈને વિવાદ થયો હતો. પરિજનોના જણાવ્યા અનુસાર, ગૌરવ તેના એક જીન્સને લઈને ખૂબ જ ઈમોશનલ હતો. તેની માતાએ આ જીન્સને ધોવા માટે વોશિંગ મશીનમાં નાખ્યું હતું. આ દરમિયાન મશીનમાં ઘરના અન્ય કપડાં પણ ધોવાઈ રહ્યા હતા, જેમાંથી બીજા કપડાંનો રંગ ગૌરવના જીન્સ પર લાગી ગયો અને જીન્સનો કલર બગડી ગયો હતો.

જીન્સનો રંગ ખરાબ થઈ જતાં ગૌરવ ભારે ગુસ્સે ભરાયો હતો અને તેણે માતા સામે નારાજગી વ્યક્ત કરી હતી. ગુસ્સાના આવેશમાં આવીને તેણે પોતાનું એ વ્હાલું જીન્સ ફાડી નાખ્યું અને એટલું જ નહીં, પોતાનો મોબાઈલ ફોન પણ જમીન પર પછાડીને તોડી નાખ્યો હતો. આ હોબાળા બાદ તે ગુસ્સામાં ને ગુસ્સામાં ઘરની બહાર નીકળી ગયો હતો.

થોડા સમય પછી ગૌરવ ઘરે પરત



ફર્યો હતો, પરંતુ તે શાંત હતો અને કોઈની સાથે વાત નહોતો કરી રહ્યો. તે સીધો જ પોતાના રૂમમાં ચાલ્યો ગયો અને અંદરથી દરવાજો બંધ કરી દીધો. પરિવારને લાગ્યું કે તે ગુસ્સામાં છે અને થોડીવારમાં શાંત થઈ જશે, તેથી કોઈએ તેને ખલેલ ન પહોંચાડી. પરંતુ ઘણો સમય વીતી જવા છતાં જ્યારે તે રૂમની બહાર ન આવ્યો ત્યારે પરિવારને ચિંતા થઈ. જ્યારે પરિવારે રૂમમાં જઈને જોયું તો તેમના હોશ ઊડી ગયા; ગૌરવ રૂમમાં ફાંસીના ફંદે લટકતો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો.

ઘટનાની માહિતી મળતા જ સેન્ટ્રલ કોટવાલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. એડિશનલ ડીસીપી અમરેન્દ્ર સિંહે જણાવ્યું કે, પોલીસ આ મામલાની ખૂબ જ ગંભીરતાથી તપાસ કરી રહી છે. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી. હાલ પોલીસ પરિવારના સભ્યોના નિવેદન નોંધી રહી છે અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ આત્મહત્યાના ચોક્કસ કારણો સ્પષ્ટ થશે.

### જયપૂરમાં વિદેશીથી આવેલી યુવતિમાં ચેપ જેવા લક્ષણો મળ્યા

# રાજસ્થાનમાં ઈબોલાનો પહેલો શંકાસ્પદ કેસ

સિટી ન્યૂઝ@ચેન્નઈ




રાજસ્થાનમાં ઈબોલા વાયરસનો પહેલો શંકાસ્પદ કેસ મળ્યો છે. યુગાન્ડાથી જયપુર ફરવા આવેલી ૧૯ વર્ષની યુવતીમાં ઈબોલા સંક્રમણ જેવા લક્ષણો મળ્યા છે. યુવતી શુક્રવારે (૫ જૂન) સવારે એર અરેબિયા એરલાઈન્સની ફ્લાઈટથી શારજાહથી જયપુર પહોંચી. એરપોર્ટ પર સ્ક્રીનિંગમાં તે શંકાસ્પદ મળી. તે રાજસ્થાન યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસમાં દાખલ છે. તેને આઈસોલેશનમાં રાખવામાં આવી છે. ફ્લાઈટમાં તેની સાથે આવેલા બીજા મુસાફરોને પણ ઘરમાં જ અલગ રહેવાના દિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે.

RUHS હોસ્પિટલના અધિક્ષક ડો. અનિલ ગુપ્તાએ જણાવ્યું કે હાલમાં યુવતીમાં ઈબોલા વાયરસ સંક્રમણની પુષ્ટિ થઈ નથી. ઈબોલા સંક્રમણથી મળતા-આવતા લક્ષણો જોવા મળ્યા છે.

ફક્ત લક્ષણોના આધારે તેને ઈબોલા માની શકાય નહીં. ડો. મોહનીશ ગ્રોવરે જણાવ્યું કે યુવતીનો એક સેમ્પલ ટેસ્ટ માટે પુણે મોકલવામાં આવ્યો છે. બીજો સેમ્પલ ૪૮ કલાક પછી મોકલવામાં આવશે. બંને સેમ્પલની તપાસ ન થાય ત્યાં સુધી યુવતીને ક્વોરન્ટાઈન રાખવામાં આવશે. જો ટેસ્ટ પોઝિટિવ આવે છે, તો ૨૧ દિવસ ક્વોરન્ટાઈન રાખીને સારવાર કરવામાં આવશે. યુવતીને ક્રિટિકલ કેર બ્લોકમાં આઈસોલેટ કરવામાં આવી છે.

### ભારતમાં અત્યાર સુધી એક પણ કેસ નથી

સમગ્ર વિશ્વમાં ઈબોલા વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૯૦૦ થઈ ગઈ છે. તેના કારણે કોંગોમાં છેલ્લા ૨૦ દિવસમાં ૨૦૦ લોકોના મોત થયા છે. ઈબોલા વાયરસનો બુંડીબુગ્યો વેરિઅન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તેથી WHO એ તેને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. ભારતમાં અત્યાર સુધી ઈબોલા વાયરસનો કોઈ કેસ નોંધાયો નથી.

### ગોલ્ડન મોમેન્ટ; ફાઈનલમાં જર્મનીના વિન્સેન્ટને હરાવ્યા

# પ્રજ્ઞાનંદ નોર્વે ચેસ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય

સિટી ન્યૂઝ@ઓસ્લો




ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ ઈતિહાસ રચતા નોર્વે ચેસ ૨૦૨૬નું ટાઈટલ જીતી લીધું છે. ૨૦ વર્ષીય પ્રજ્ઞાનંદા આ ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે.

ફાઈનલ રાઉન્ડમાં તેણે જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવીને આ સિદ્ધિ હાંસલ કરી. ટુર્નામેન્ટના છેલ્લા દિવસે પ્રજ્ઞાનંદા ૧૫ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને હતો. તેણે ક્લાસિકલ મુકાબલો જીતીને ૩ પોઈન્ટ્સ મેળવ્યા અને કુલ ૧૮ પોઈન્ટ્સ સાથે ખિતાબ પોતાના નામે કરી લીધો.

ટુર્નામેન્ટના છેલ્લા રાઉન્ડમાં અમેરિકન ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સો ૧૫.૫ પોઈન્ટ્સ સાથે ટોચ પર હતો. પરંતુ તેની મેચ ડ્રો રહી અને નિર્ણય આર્માગેડન ટાઈબ્રેકરમાં ગયો. આનાથી પ્રજ્ઞાનંદા માટે ખિતાબ જીતવાનો રસ્તો ખુલી ગયો. વેસ્લી સોએ ટાઈબ્રેકર તો જીતી લીધું, પરંતુ તેને ફક્ત ૧.૫ પોઈન્ટ્સ મળ્યા. આમ તેના કુલ ૧૭ પોઈન્ટ્સ થયા, જે પ્રજ્ઞાનંદા કરતાં એક ઓછા હતા. ફ્રાન્સના અલીરજા ફિરોઝા ૧૫.૫ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહ્યો. છેલ્લા રાઉન્ડમાં મેગ્નસ કાર્લસને ગુકેશને હરાવ્યો, પરંતુ તે પણ ટાઈટલ જીતી શક્યા નહીં. કાર્લસન ૧૩ પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને રહ્યો.



### તમિલનાડુ ભાજપ ઉપાધ્યક્ષે પણ રાજીનામુ આપ્યું

# અન્નામલાઈની નવી પાર્ટીમાં 10 કલાકમાં 10 લાખ લોકો જોડાયા

સિટી ન્યૂઝ@ચેન્નઈ

તમિલનાડુના રાજકારણમાં એક બહુ મોટો ઉલટફેર જોવા મળ્યો છે. તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ કે. અન્નામલાઈએ શુક્રવારે સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. ભાજપ છોડ્યાની સાથે જ તેમણે પોતાના નવા રાજકીય આંદોલન 'ઈધુ નમ્મા ઈયક્કમ' (આ આપણું આંદોલન છે) ની જાહેરાત કરી છે, જેને જનતા તરફથી અભૂતપૂર્વ અને રેકોર્ડબ્રેક પ્રતિસાદ મળ્યો છે. આ નવા અભિયાનની શરૂઆતના માત્ર ૧૦ કલાકની અંદર જ ૧૦ લાખથી વધુ લોકો સભ્ય તરીકે નોંધણી કરાવી ચૂક્યા છે.

પોતાના નવા આંદોલનની આ અસાધારણ સફળતા અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી શેર કરતા અન્નામલાઈએ ખુશી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, "માત્ર ૧૦ કલાકમાં ૧૦ લાખથી વધુ કાર્યકર્તાઓનું રજિસ્ટ્રેશન એ આપણા સામૂહિક મિશન અને વિઝનમાં લોકોના વધતા જતા વિશ્વાસનો એક શક્તિશાળી પુરાવો છે". આ આંદોલનની સફળતા માટે તેમના સમર્થકો અને કાર્યકર્તાઓએ કાંચીપુરમના પ્રખ્યાત કામાક્ષી અમ્મન મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના અને ધાર્મિક વિધિઓ પણ કરી હતી. બીજી તરફ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને અન્નામલાઈનું રાજીનામું સ્વીકારી લીધું છે.


તમિલનાડુમાં ભાજપની અંદરનો અસંતોષ હવે ખુલ્લેઆમ સામે આવવા લાગ્યો છે. પાર્ટીના પ્રદેશ સચિવ સુમતિ વેંકટેશે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેની સાથે જ, ભાજપ તમિલનાડુના પ્રદેશ ઉપાધ્યક્ષ કરુ નાગરાજને પણ પાર્ટી છોડવાનો નિર્ણય કર્યો છે. બંને નેતાઓના રાજીનામાથી રાજ્યમાં ભાજપના આંતરિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ પહેલા ભારતીય જનતા પાર્ટીના તમિલનાડુ પ્રદેશ પ્રમુખ રહી ચૂકેલા કે. અન્નામલાઈએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. અન્નામલાઈએ જાહેરાત કરી છે કે, તેઓ તમિલનાડુમાં એક નવા રાજકીય આંદોલનની શરૂઆત કરવા જઈ રહ્યા છે. પાર્ટી છોડવાનું કારણ જણાવતા અન્નામલાઈએ કહ્યું, 'હું જનતાની વચ્ચે રહીને તેમની સાથે કામ કરવા માંગતો હતો. મારી દ્રઢ ઈચ્છા હતી કે, ભાજપ તમિલનાડુમાં દરેક ચૂંટણી પોતાના દમ પર લડે. અન્નામલાઈએ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ રાજકારણથી દૂરી નથી બનાવી રહ્યા. તેના બદલે, જમીની સ્તર પર એક રાજકીય આંદોલનની શરૂઆત કરવા જઈ રહ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાના નવા આંદોલન 'અન્નામલાઈ મક્કલ ઈયક્કમ'ની જાહેરાત પણ કરી દીધી છે.

# ગોવિંદની આંખમાં આંસુ કોઈએ જોયા નહોતા, પણ ગોપાલ અને સલીમની હિંમત થઈ નહીં કારણ પુછવાની




સલીમ મુમતાઝની વાત કરતો હતો, ત્યારે ગોવિંદની આંખમાં આંસુ કેમ આવી ગયા; તેની કોઈને ખબર પડી નહીં ગોવિંદ સિંહ જેવો માણસ હતો. પથ્થરને પાટું મારે તો તેમાંથી પણ પાણી કાઢે એવો હતો. એની આંખમાં આંસુ કેમ આવ્યા? આ પ્રશ્ન સલીમ અને ગોપાલ બંનેને હતો. પણ તેને કશું પુછવાની બેમાંથી કોઈની હિંમત ન થઈ.મુમતાઝની કહાની પૂરી થતાં ગોવિંદે પોતાના આંસુ લૂછ્યાં અને પોતાના બિસ્તર પર જતો રહ્યો. કદાચ બેરેકના અંધારામાં તે પડખું ફેરવીને રડ્યો હશે! ગોપાલને થયું કે, ગોવિંદના જીવનની કઈ એવી વેદના હશે; જે એણે આટલા વર્ષે સંતાડી રાખી હશે! મોડી રાત સુધી ગોપાલને સલીમ અને ગોવિંદના વિચારોએ સૂવા ન દીધો.સલીમે પણ પહેલી જ વખત પોતાની વાત કરી હતી. સલીમ પાસે આખા ગામના સમાચાર હોય. ખાસ કરીને કોઈ તકલીફમાં હોય ત્યારે કીધા વગર સલીમ તેની પાસે પહોંચી ગયો હોય. પણ સલીમે પોતાનું હૃદય ક્યારેય ખોલ્યું નહોતું. ગોપાલ એનો ખાસ દોસ્ત હોવા છતાં સલીમે મુમતાઝની વાત તેને ક્યારેય કરી નહોતી. જ્યારે પણ તે નિશીને જોતો ત્યારે થોડીવાર માટે ગુમસુમ જરૂર થઈ જતો હતો.ગોપાલે લગ્ન કર્યાં ત્યારે સૌથી વધુ ખુશ સલીમ હતો. સલીમે જ બધા મિત્રોને પોતાના ખર્ચે પાર્ટી આપી હતી. ગોપાલને બહુ આશ્ચર્ય હતું કે, સલીમ એની નાની નાની તકલીફો જાણવા ઉત્સુક રહેતો, પણ સલીમનેય કોઈ તકલીફ હશે; તેવો વિચાર ગોપાલને આવ્યો જ નહીં. ગોપાલને પોતાની જાત ઉપર શરમ પણ આવી કે, પોતે કેટલો સ્વાર્થી છે?આવું જ ગોવિંદનું હતું. બહારથી પથ્થર દિલ લાગતા ગોવિંદની જિંદગીમાં પણ એવું કોઈ નાજુક પ્રકરણ છે; જેને તેણે પોતાની સંપત્તિની જેમ સાચવી રાખ્યું છે. જીવનમાં ઘણા દર્દ એવાં હોય છે કે, માણસ તેને છોડવા માગતો નથી. કદાચ આ દર્દ જ જીવવાનું કારણ અને જીવવાની તાકાત બનતાં હશે. ગોવિંદ રડી પણ શકે; તેવી કલ્પના આખી જેલમાં કોઈ જ કરી શકે નહીં. પણ ગોવિંદ અને સલીમે તો તેની આંખમાં આંસુ જોયા! અને એ સત્ય હતું.બીજી સવારે આંખ ખુલતાં જ ગોપાલની પહેલી નજર ગોવિંદના બિસ્તર તરફ ગઈ. તે બિસ્તરમાં નહોતો. ગોપાલે આસપાસ નજર ફેરવી. તે બેરેકમાં ક્યાંય નહોતો. ગોપાલ ઝટપટ ઊભો થયો અને બેરેકની બહાર આવ્યો, પરંતુ યાર્ડમાં પણ ગોવિંદ નહોતો. તે વિચારમાં પડી ગયો કે, કયાં ગયો હશે ગોવિંદ? કારણ, ગોવિંદ ક્યારેય ન્હાયા ધોયા વગર યાર્ડની બહાર જતો નહોતો. એવામાં ચા આવી. ગોપાલે ચા લીધી. ચા લેતાં તેને વિચાર આવ્યો કે, ચા આપવાવાળો કેદી બધા જ યાર્ડમાં જાય છે. તેણે કદાચ ગોવિંદને જોયો હશે. ગોપાલે તેને પૂછ્યું, "ભાઈને કયાંય જોયા છે?"જેલમાં મોટા ભાગના કેદીઓ ગોવિંદને ભાઈ જ કહેતા. ચા આપવા આવેલો કેદી સમજી ગયો. તેણે યાદ કર્યું અને કહ્યું, "હા, ભાઈ તો વીશીમાં બેઠા હતા."ગોપાલ કંઈક વિચારવા લાગ્યો. પેલા કેદીએ કહ્યું, "એટલે કે રસોડામાં."ગોપાલને વિચાર આવ્યો કે, ભાઈ ક્યારેય રસોડે બેસતા નથી. આજે કેમ રસોડે ગયા હશે? ગોપાલનાં મનમાં ઘમસાણ ચાલી રહ્યું હતું. સલીમે કહ્યું, "ચાલ, તૈયાર થઈ જા. તારી નોકરીનો ટાઇમ થવા આવ્યો છે."ગોપાલ ન્હાવા ગયો અને તૈયાર થઈને હોસ્પિટલ પહોંચ્યો. તે ડૉક્ટરની ચીઠ્ઠી પ્રમાણે દવા તો આપી રહ્યો હતો, પણ તેનું મન ગોવિંદમાં જ અટવાયેલું હતું. અગિયાર વાગી રહ્યા હતા. દવાખાનામાં કોઈક બોલ્યું, "આવો ભાઈ."ગોપાલના કાને માત્ર અવાજ પડ્યો. તેણે ભાઈ શબ્દ સાંભળ્યો અને તરત ઊભો થયો. તેણે બહાર આવીને જોયું તો ગોવિંદ ડૉક્ટર સામે બેઠો હતો. ડૉક્ટર તેની તબિયત અંગે પૂછી રહ્યા હતા. ડૉક્ટરે ડ્રેસિંગ કરાવી લેવાનું કહ્યું. ગોવિંદ ડ્રેસિંગ રૂમમાં આવ્યો. ગોપાલ સામે જોયું અને એક આછું સ્મિત આપ્યું. જાણે પરાણે સ્મિત આપી રહ્યો હોય!"કેમ છે ભાઈ?" ગોપાલે પૂછ્યું. ગોવિંદે કહ્યું, "એકદમ મસ્ત."ગોવિંદ જાણે પોતાને સાચવી લેવાનો પ્રયાસ કરતો હોય તેવું ગોપાલને લાગ્યું. ગોવિંદની હાલત ઠીક નથી. આ વાત ગોવિંદ અને ગોપાલને બંને જાણતા હતા. ગોવિંદ જાણે ગોપાલ સાથે નજર મીલાવવાનું ટાળી રહ્યો હોય તેવું લાગી રહ્યું હતું. ગોપાલ તેની સામે જ જોઈ રહ્યો. અગિયાર વાગી ગયા હોવા છતાં ગોવિંદ ન્હાયા વગર હોસ્પિટલ આવ્યો હતો. ગોવિંદ જેલના સફેદ કપડાં જ પહેરતો, પણ તે કપડાંમાંય એ એટીકેટમાં રહેતો. હજી તેનાં શરીર પર ગઈકાલના જ કપડાં હતા.ગોપાલને એક કેદી કહેવા આવ્યો કે, તારી મુલાકાત આવી છે. ગોપાલને વિચાર આવ્યો કે, મારી મુલાકાતે કોણ આવ્યું હશે? નિશી તો હજી ચાર દિવસ પહેલાં જ આવી હતી. નિયમ પ્રમાણે તો અઠવાડિયામાં એક જ મુલાકત મળવા પાત્ર હતી, પણ હવે ગોપાલની ઓળખ ગોવિંદ સાથે થઈ ગઈ હતી. તે ભાઈનો માણસ હોવાને કારણે તેને નિયમ બહારની પણ કેટલીક છૂટ મળવા લાગી હતી.નિશી આવી ત્યારે, જામીન મળ્યા કે નહીં તેનો ઓર્ડર લઈ આવી હતી. હવે કોણ આવ્યું હશે? કદાચ મમ્મીપપ્પા હશે. એવો વિચાર કરતો કરતો ગોપાલ મુલાકાતરૂમમાં પહોંચ્યો. કોણ આવ્યું છે, તે જોવા માટે જાળીની પેલી તરફ નજર ફેરવી. તેને નિશીના પપ્પા દેખાયા. ગોપાલની નજર નિશીને શોધવા મથતી હતી. નિશી ક્યાંય દેખાઈ નહીં. ગોપાલ જાળી પાસે આવ્યો. તેણે બૂમ પાડી, "પપ્પા."નીશાના પપ્પા જાળી પાસે આવ્યા. ગોપાલને પૂછ્યું, "કેમ છો?"નિશીના પપ્પા ગોપાલને તમે કહીને જ વાત કરતા હતા. કેમ છો? એ પ્રશ્ન જરા ખટકે તેવો હતો. કારણ, જેલમાં તો કોઈ મજામાં કેવી રીતે હોય! છતાં ગોપાલે માથું હલાવી કહ્યું, "સારુ છે."ગોપાલ બહાર હતો ત્યારે પણ નીશાના પપ્પા અને ગોપાલ વચ્ચે વાતચીત થતી નહોતી. કારણ, ગોપાલ સાથે નિશીનાં લગ્ન થયાં એ વાત તેમને ત્યારે પણ મંજુર નહોતી અને આજે પણ નહોતી. છતાં તેમણે વકીલની વ્યવસ્થા કરી હતી. ગોપાલે પૂછ્યું, "પપ્પા, નિશી આવી નથી?"પપ્પા શાંત રહ્યા અને કહ્યું. "હું અહીંયા આવ્યો છું. તે મેં નિશીને પણ કહ્યું નથી."ફરી બંને વચ્ચે શાંતિ છવાઈ ગઈ. ગોપાલને ખબર હતી કે, પપ્પા એને પસંદ કરતા નથી, પણ પોતાની દીકરી માટે તેઓ બધું કરી રહ્યા હતા. ગોપાલે હિંમત કરીને પૂછ્યું, "પપ્પા, સેશન્સ કોર્ટે તો જામીન આપવાની ના પાડી. હવે શું થાય? વકીલ શું કહે છે?"પપ્પાએ ઊંડો શ્વાસ લીધો અને શ્વાસ છોડતાં કહ્યું, "વકીલ કહે છે કે, કેસ અઘરો છે. જામીન તો કોઈ કોર્ટ આપશે નહીં. ટ્રાયલ જ ચલાવવી પડશે."ગોપાલ માટે આ બધી વાતો નવી હતી; પણ સલીમ જેવું કહી રહ્યો હતો, તેવી જ વાત પપ્પા કરી રહ્યા હતા. પપ્પાએ કહ્યું, "હું મારાથી બનતાં બધા જ પ્રયત્ન કરી રહ્યો છું. મને ખબર નથી કે, પરિણામ શું આવશે."આટલું બોલતાં તેમને તકલીફ પડી રહી હોય, એવું ગોપાલને લાગી રહ્યું હતું. ગોપાલે પૂછ્યું, "નિશી કેમ છે?"તેમણે એક નિસાસો નાખ્યો. કારણ, પતિ જેલમાં હોય; તો પત્ની કેવી હોય! કેવો વાહિયાત પ્રશ્ન એણે પૂછ્યો હતો. ગોપાલને પણ પૂછ્યા પછી એવું જ લાગ્યું.હવે ગોપાલ અને નિશીના પપ્પા વચ્ચે કોઈ સંવાદ થાય તેવો વિષય રહ્યો નહોતો. તેમણે જતી વખતે ગોપાલને કહ્યું, "હું કોઈ કસર છોડીશ નહીં, પણ ઈશ્વરે જે નક્કી કર્યું હશે એ જ થવાનું છે." ગોપાલને એમની વાત સાચી લાગી, પણ તેમનાં છેલ્લાં વાક્યએ હૃદયમાં ખિલ્લો માર્યો હોય એવું લાગ્યું! તેમણે કહ્યું, "તમે બહાર આવી જાવ એવી મારી હૃદયથી ઇચ્છા છે. પણ માની લો કે, તમારે લાંબો સમય જેલમાં રહેવાનું થયું; તો મારે વિચાર કરવો પડશે." આટલું બોલીને તેઓ મુલાકાતરૂમની બહાર જતા રહ્યા.

(ક્રમશઃ)


પ્રશાંત દયાળ

### સળંગ 7 ટર્મ સુધી કોર્પોરેટર તરીકે ચૂંટાવાનો જનક કોટકનો અનોખો રેકોર્ડ

# રાજકોટના પૂર્વ મેયર જનક કોટકનું 80મા જન્મદિવસે સન્માન

## મેયર નેહલ શુક્લ અને ભાજપ પ્રમુખ માધવ દવેએ નિવાસસ્થાને જઈ શુભેચ્છા પાઠવી





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ મેયર અને જનસંઘ સમયના પાયાના નેતા જનક કોટક ૬ જૂન ૨૦૨૬ ના રોજ ૮૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. આ સીમાચિહ્નરૂપ ૮૦મા જન્મદિવસના અવસરે, રાજકોટના વર્તમાન મેયર ડો. નેહલ શુક્લ અને શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ તેમના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત માત્ર એક ઔપચારિકતા ન રહેતા, પક્ષના જૂના જોગીઓ પ્રત્યેના આદર અને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ બની રહી હતી. પદાધિકારીઓએ તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમના આશીર્વાદ મેળવ્યા હતા.

આ અવસરે પદાધિકારીઓએ જનક કોટકને શાલ અને સૂતરની આંટી પહેરાવીને મહાનગરપાલિકા વતી વિશેષ સન્માન કર્યું હતું. મેયર નેહલ શુક્લએ રાજકોટના વિકાસમાં પૂર્વ મેયરના અમૂલ્ય યોગદાનને યાદ કરી " " (૧૦૦ વર્ષના થાઓ)ની ભાવના સાથે તેમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી. મેયરે વિશેષ રીતે ઉલ્લેખ કર્યો હતો કે જનક કોટક જેવા વરિષ્ઠ નેતાઓના માર્ગદર્શનમાં જ આજે રાજકોટ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમણે જૂના સંસ્મરણો વાગોળતા કહ્યું હતું કે, જે રીતે જનસંઘના કપરા કાળમાં પક્ષને મજબૂત બનાવવામાં તેમણે યોગદાન આપ્યું હતું, તે આજના કાર્યકર્તાઓ માટે એક દીવાદાંડી સમાન છે.

જનક કોટક રાજકોટના રાજકારણમાં અને જનસંઘના સમયથી પાયાના પથ્થર સમાન રહ્યા છે. તેઓ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે સતત ૭ ટર્મ સુધી કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવવાનો એક અનોખો અને વિરલ રેકોર્ડ ધરાવે છે. આ સિદ્ધિ તેમની જનસેવા પ્રત્યેની અતૂટ નિષ્ઠા અને પ્રજા સાથેના ગાઢ સંપર્કને દર્શાવે છે. મેયર તરીકેની જવાબદારી નિભાવતી વખતે તેમણે જે ગરિમા અને કુનેહ દાખવી હતી, તેણે શહેરના માળખાકીય વિકાસમાં પોતાનો સિંહફાળો આપ્યો છે. તેમના આ વિશાળ અનુભવ અને રાજકીય સૂઝબૂઝને કારણે જ આજે પણ તેઓ શહેરના રાજકીય વર્તુળોમાં એક આદરણીય સ્થાન ધરાવે છે. તેમના જીવનના આ ૮૦મા વર્ષમાં પક્ષના તમામ આગેવાનોએ તેમના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે હાર્દિક પ્રાર્થના કરી હતી.

# રૂટ્સ ફોર ચેન્જ : 10 લાખ વૃક્ષારોપણનો વૈશ્વિક સીમાચિહ્ન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઈસ્માઈલી મુસ્લિમ સમુદાયની 'રૂટ્સ ફોર ચેન્જ' પહેલે પર્યાવરણીય સંભાળમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. માત્ર એક વર્ષથી વધુ સમયગાળામાં ૧૭ દેશોમાં ૧૦,૦૦,૦૦૦ થી વધુ વૃક્ષો વાવીને આબોહવા પરિવર્તન સામે લડવાની દિશામાં સામૂહિક શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દુબઈમાં યોજાયેલા 'ગ્લોબલ એન્કાઉન્ટર્સ ફેસ્ટિવલ ૨૦૨૫' દરમિયાન શરૂ થયેલી આ પહેલનું સંચાલન 'ઈસ્માઈલી સિવિક' દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય અગાખાન ડેવલપમેન્ટ નેટવર્કની ટકાઉપણુંની નીતિના ભાગરૂપે પૃથ્વીના સંવર્ધનનો હતો. આ કાર્યક્રમમાં મેન્ગ્રોવના વાવેતરથી લઈને કૃષિ-વાનિકી સુધીની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. લીડર્સ ઈન્ટરનેશનલ ફોરમના ચેરમેન મલિક તાલિબના જણાવ્યા અનુસાર, "સૃષ્ટિના રક્ષક તરીકે, આ દુનિયાને મળ્યા કરતાં વધુ સારી સ્થિતિમાં છોડી જવાની આપણી નૈતિક ફરજ છે. ૧૦,૦૦,૦૦૦ વૃક્ષો એ દર્શાવે છે કે જ્યારે સમુદાય એક નિષ્ઠાવાન હેતુ સાથે જોડાય છે ત્યારે અસાધારણ પરિણામો મળી શકે છે." ભારતમાં મુંબઈ, હૈદરાબાદ, રાયપુર, સુરત અને પુણે જેવા મોટા શહેરો સહિત અનેક ગ્રામીણ વિસ્તારોમાં આ અભિયાનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. ઈસ્માઈલી કાઉન્સિલના પ્રમુખ આસિફ પોરબંદરવાલાએ કહ્યું હતું કે, "વૃક્ષારોપણ એ પર્યાવરણના પુનસંગ્રહની સાથે ભવિષ્ય માટેનું રોકાણ છે. તમામ વયના સ્વયંસેવકોનું આ સહિયારું કાર્ય આગામી પેઢીઓ માટે એક વિરાસત સમાન છે." આ પહેલની સફળતામાં માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ વાવેતર પછીની જાળવણી અને દેખરેખ પણ મહત્વની રહી છે. સ્વયંસેવકોએ ૩,૬૦૦ થી વધુ કાર્યક્રમોમાં ભાગ લઈને પર્યાવરણીય જાગૃતિનું નિર્માણ કર્યું હતું. આ સિવાય, ફેસ્ટિવલ દરમિયાન ૧૦૦% પુનપ્રાપ્ય ઉર્જાનો ઉપયોગ અને ૯૦,૦૦૦ પ્લાસ્ટિક બોટલોના વપરાશને અટકાવીને ટકાઉપણુંના ધોરણો સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિ શિયા ઈસ્માઈલી મુસ્લિમ સમુદાયના સેવા, શાંતિ અને પર્યાવરણ પ્રત્યેના ઊંડા મૂલ્યોનું પ્રતિબિંબ પાડે છે.

# હેમુ ગઢવી હોલ ખાતે શામ એ મહેફિલ યોજાશે

## સ્ટુડિયો સંગીત સાધના અને નયન પંચોલીના માર્ગદર્શન હેઠળ ભવ્ય આયોજન

## કાર્યક્રમમાં મેયર નેહલ શુક્લ સહિતના અનેક આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના હેમુ ગઢવી મિની હોલ ખાતે આગામી ૬ જૂન ૨૦૨૬ ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે 'શામ-એ-મહેફિલ' સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંગીત અનાહીયા અને અનિલ વણઝારા દ્વારા પ્રસ્તુત આ કાર્યક્રમમાં રાજકોટના સંગીતપ્રેમીઓને મધુર ગીતો અને ગઝલો માણવા મળશે. જહાનવી સોની આ કાર્યક્રમનું સંચાલન કરી પોતાની મધુર વાણીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે.

સંગીત એક અદભુત લલિત કલા છે, જેમાં સ્વર અને લયની દૈનિક સાધનાનું વિશેષ મહત્વ છે. સંગીતજ્ઞ નયન




પંચોલીના માર્ગદર્શન હેઠળ 'સ્ટુડિયો સંગીત સાધના' ના ઉપક્રમે ચુનંદા કલાકારો દ્વારા ગીત-ગઝલોની શાનદાર પ્રસ્તુતિ થશે. આ કાર્યક્રમમાં ઉર્વશી પંચોલી, ચાંદની પંચોલી, હીના હિરાણી, અમી વણઝારા, અનિલ વણઝારા, કેતન પંચોલી, રવીન્દ્ર પંડ્યા, દિલીપ ગાધિયા અને જિજ્ઞેશ મોદી સહિતના કલાકારો પોતાના સૂર રેલાવશે.

કલાકારોને પ્રોત્સાહિત કરવા અને આ સંગીતમય કાર્યક્રમની શોભા વધારવા રાજકોટ મહાનગરપાલિકાના મેયર નેહલ શુક્લ ખાસ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શહેરના અગ્રણીઓ જીતુ ભટ્ટ, રમેશ રૂપાપરા, પીયુષ મહેતા, અશોક ડાંગર, હેમાંગ વસાવડા, નીતિન નથવાણી, ગુણુ ડેલાવાળા, મિતલ ખેતાણી, સંજય કક્કડ અને આશિત વણઝારા સહિતના અનેક આગેવાનો અને સ્નેહીજનો હાજરી આપશે. ઉત્તમ સંગીત માણવા શહેરીજનોને મોટી સંખ્યામાં પધારવા આયોજક ટીમ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




# હેમુ ગઢવી હોલ ખાતે સદાબહાર ગીતોની રમઝટ

સિટી ન્યૂઝ@રાજકોટ

» ૭ જૂન રવિવારે રાત્રે ૮ થી ૧ વાગ્યા સુધી યોજાશે સંગીત કાર્યક્રમ

» નિઃશુલ્ક પ્રવેશ સાથે સંગીતપ્રેમીઓ માટે મનોરંજનની સુવર્ણ તક

રાજકોટના હેમુ ગઢવી મિની ઓડિટોરિયમ હોલ, ટાગોર રોડ ખાતે આગામી ૭ જૂન ૨૦૨૬ ને રવિવારના રોજ રાત્રે ૮ થી ૧ વાગ્યા સુધી 'સદાબહાર ગીતો' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'એક્ટિવિટી મ્યુઝિકલ ગ્રુપ' દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જૂના અને સદાબહાર ગીતો રજૂ કરવામાં આવશે. કાર્યક્રમમાં નિશુલ્ક પ્રવેશ રાખવામાં આવ્યો છે, જેથી શહેરના તમામ સંગીતપ્રેમીઓ આ મહેફિલનો આનંદ માણી શકશે. કાર્યક્રમમાં ચંદ્રેશ ફિચડીયા, દીપક ત્રિવેદી, યોગ પંડ્યા, મહેશ આડેસરા, મનોજ સોની, ચેતન પંડ્યા, સંજીવ વોરા, અનિલ માવદિયા, નરેન્દ્ર ખખ્ખર, રાકેશ રૈયારેલા, પ્રબોધ બક્ષી, પરેશ ખખ્ખર, નીતિન ટાંક, કિરીટ ધોળકિયા, સંજય પારેખ, કાશ્મીરા રાઠોડ, ગીતા સોની, વર્ષા બાલચંદાણી, નયના વ્યાસ, કિશ્મા નાંઢા, વૈશાલી ઠક્કર અને તેજલ ભટ્ટી સહિતના કલાકારો ગીતો રજૂ કરશે. સાઉન્ડ સિસ્ટમની જવાબદારી આશિષ રાઠોડ સંભાળશે, જ્યારે લેપટોપ ઓપરેટર તરીકે કમલેશ ભારદિયા સેવા આપશે. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય વૈભવ ચોક્સી, અશોક વાઘેલા, જયેશ ઉપાધ્યાય, સુરેશ મારૂ, પૃથ્વીરાજસિંહ જાડેજા, જિજ્ઞેશ વાગડિયા, કિશોર ફિચડીયા, અશોક પારેખ, નરેન્દ્ર સોરઠિયા, હિમાંશુ પારેખ અને મિલન સોનીના હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત હરેશ પારેખ, રાજુ ચાંપાનેરી, કલ્પેશ પારેખ, જયસુખ પારેખ, સુરેશ ઝીંઝુવાડિયા, ચત્રભુજ વાગડિયા, ધીરુભાઈ પારેખ અને બીનાબેન શેઠ સહિત એન્જોય ગ્રુપ, ફાલતું ગ્રુપ અને કરાઓકે ગ્રુપના સભ્યો વિશેષ ઉપસ્થિત રહેશે. વધુ માહિતી માટે આયોજક ચંદ્રેશ ફિચડીયાનો 9924076917 નંબર પર સંપર્ક કરી શકાશે.

# ગીર પૂર્વ: વન વિભાગ દ્વારા સાત સિંહોને સ્વસ્થ કરી ફરી જંગલમાં મુક્ત કરાયા



સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-ધારી

ધારી ગીર પૂર્વની બાબરીયા રેન્જમાંથી પકડાયેલા સાત સિંહો સંપૂર્ણપણે સ્વસ્થ થતાં તેમને ફરીથી મુક્ત જંગલના વાતાવરણમાં છોડી દેવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા સિંહોને પાંજરામાંથી મુક્ત કરવાનો એક સત્તાવાર વિડીયો પણ જાહેર કરવામાં આવ્યો છે. જેને જોઈને પ્રકૃતિ અને વન્યજીવ પ્રેમીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે. મળતી માહિતી મુજબ, બાબરીયા રેન્જમાંથી સાત સિંહોને 'બેબેસિયા' નામના રોગથી પીડિત હોવાના કારણે પકડવામાં આવ્યા હતા. આ સિંહોને તાત્કાલિક ધોરણે એનિમલ કેર સેન્ટર ખાતે આઇસોલેશનમાં રાખવામાં આવ્યા હતા. જ્યાં વન વિભાગની તબીબી ટીમ દ્વારા છેલ્લા ૧૦ થી ૧૫ દિવસ સુધી તેમની સઘન સારવાર કરવામાં આવી હતી. સારવાર બાદ તમામ સાત સિંહોના સ્વાસ્થ્યમાં સંપૂર્ણ સુધારો જણાતા અને તેઓ તદ્દન સ્વસ્થ હોવાનો રિપોર્ટ આવતા વન વિભાગ દ્વારા કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. તમામ વહીવટી મંજૂરીઓ મળ્યા બાદ આ સિંહોને તેમના કુદરતી આવાસ એટલે કે ગીરના મુક્ત વાતાવરણમાં છોડવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા જાહેર કરાયેલા વિડીયોમાં જોઈ શકાય છે કે, પાંજરૂ ખુલતાની સાથે જ સિંહો ઉત્સાહભેર દોડીને જંગલ તરફ રવાના થઈ ગયા હતા. આગામી દિવસોમાં ગીરનું જંગલ ફરી એકવાર આ ડાલામથ્થાઓની ગર્જનાઓથી ગુંજી ઉઠશે.





# પર્યાવરણ દિવસને રાજકોટ રેલવે ડિવિઝનમાં 80 સ્થળે વૃક્ષારોપણ

## 15 મેથી ચાલતા પર્યાવરણ અભિયાનનું RDSA ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ અને ઈનામ વિતરણ સાથે સમાપન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૬ નિમિત્તે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ૧૫ મે થી ૫ જૂન સુધી ચલાવવામાં આવેલા વિશેષ પર્યાવરણ સંરક્ષણ અભિયાનનું આજે RDSA ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય વૃક્ષારોપણ અને પુરસ્કાર વિતરણ સમારોહ સાથે સમાપન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ૩ અઠવાડિયાના અભિયાન દરમિયાન ડિવિઝનમાં કુલ ૮૦ થી વધુ સ્થળોએ વ્યાપક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીનાએ ઉપસ્થિત તમામને પર્યાવરણ સંરક્ષણના શપથ લેવડાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પર્યાવરણની જાળવણી એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. ત્યારબાદ સિનિયર DME મેઘરાજ તાતેડે ૩ અઠવાડિયા સુધી ચાલેલા સ્વચ્છતા અને વૃક્ષારોપણ અભિયાનની સિદ્ધિઓની વિગતો રજૂ કરી હતી. સિનિયર DPO અમૃત સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયેલા પુરસ્કાર વિતરણ સમારોહમાં ચિત્રકલા અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓ તથા પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર રેલવે કર્મચારીઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા.

રાજકોટ ડિવિઝનના વૃક્ષારોપણ અભિયાનમાં નિરંતર સહયોગ આપી છોડ પૂરા પાડવા બદલ 'સદભાવના વૃદ્ધાશ્રમ' સંસ્થાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સ્થળે પર્યાવરણ અને જળ સંરક્ષણ વિષય પર ચિત્રકલા પ્રદર્શન અને હસ્તાક્ષર અભિયાન યોજાયું હતું. જેમાં ઉપસ્થિત તમામ લોકોએ ઓછામાં ઓછા ૧૦૦ રોપા વાવવાનો અને તેનું જતન કરવાનો સંકલ્પ લીધો હતો.

આ સમારોહ દરમિયાન RDSA ગ્રાઉન્ડમાં ૨૫ થી વધુ રોપા વાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત કોચિંગ એન્ડ વેગન ડેપો દ્વારા બાયો-ટોયલેટની જાળવણી અને તેના સાચા ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવતી એક શોર્ટ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ADRM બ્રિજેશ કુમાર સિંહ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ કોંગ્રેસના પૂર્વ ઉપપ્રમુખ નાગજીભાઈ પટેલનો આજે જન્મદિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ ઉપપ્રમુખ અને વરિષ્ઠ આગેવાન નાગજીભાઈ પટેલ (વિરાણી) નો આજે જન્મદિવસ છે. ૬ જૂન ૧૯૫૨ ના રોજ જન્મેલા નાગજીભાઈ આજે પણ સમાજ સેવાના કાર્યોમાં એટલા જ સક્રિય છે. નાગજીભાઈએ રાજકોટ શહેર કોંગ્રેસમાં વોર્ડ પ્રમુખથી લઈને શહેર ઉપપ્રમુખ સુધીની જવાબદારીઓ નિભાવીને પક્ષમાં વર્ષો સુધી સક્રિય અને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. માત્ર રાજકીય ક્ષેત્રે જ નહીં, પરંતુ સામાજિક સ્તરે પણ તેમની કામગીરી સરાહનીય રહી છે. તેઓ રાજકોટ શહેરની લોકસંસદ વિચાર મંચ, શહેર/જિલ્લા વાલી મહામંડળ, ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિ અને સરદાર સેના જેવી અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને લોકપ્રશ્નોના ઉકેલ માટે હંમેશા તત્પર રહ્યા છે. નાગજીભાઈ હાલ ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે છે. જોકે, સાત સમંદર પાર હોવા છતાં રાજકોટના સામાજિક અને રાજકીય કાર્યકરો તથા તેમના બહોળા મિત્રવર્તુળ દ્વારા સવારથી જ તેમના મોબાઈલ નંબર 98794 24718 પર જન્મદિવસની શુભેચ્છાઓનો ધોધ વરસાવવામાં આવી રહ્યો છે.

# એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ભરનાર કરદાતાઓને અપાતા ફ્રી ડસ્ટબિનનો સ્ટોક ખાલી

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા અને વૈજ્ઞાનિક કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ભરતા કરદાતાઓને પ્રોત્સાહક યોજના અંતર્ગત વિનામૂલ્યે ડસ્ટબિન સેટ આપવામાં આવે છે. પરંતુ હાલમાં તમામ વોર્ડ ઓફિસોમાં આ ડસ્ટબિનનો સ્ટોક પૂરો થઈ ગયો હોવાથી કરદાતાઓને થોડો સમય રાહ જોવી પડશે.સ્વચ્છ અને હરિત રાજકોટના નિર્માણ માટે નાગરિકો ભીના અને સૂકા કચરાનું સ્ત્રોતે જ વિભાજન કરી શકે તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા લીલા અને વાદળી રંગના ડસ્ટબિન સેટનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં એડવાન્સ ટેક્સ ભરનારા નાગરિકોનો ધસારો હોવાથી વિવિધ વોર્ડ ઓફિસોમાં ડસ્ટબિન સેટનો ઉપલબ્ધ સ્ટોક સંપૂર્ણપણે ખલાસ થઈ ગયો છે, જેથી તાત્કાલિક વિતરણ શક્ય નથી.

પર્યાવરણ ઈજનેરની સત્તાવાર યાદી મુજબ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવા ડસ્ટબિન સેટની ખરીદી અને પુરવઠાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અંદાજે ૧.૫ માસ બાદ નવા ડસ્ટબિન ઉપલબ્ધ થતાં જ તમામ સંબંધિત વોર્ડ ઓફિસો ખાતેથી ફરીથી વિનામૂલ્યે વિતરણ શરૂ કરવામાં આવશે.

મહાનગરપાલિકાએ તમામ નાગરિકો અને કરદાતાઓને વિનંતી કરી છે કે, જ્યાં સુધી ડસ્ટબિનનો નવો સ્ટોક ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી ધીરજ રાખીને તંત્રને સહકાર આપે. નવો સ્ટોક આવતાં જ પાત્રતા ધરાવતા કરદાતાઓને નિયમ મુજબ ડસ્ટબિન સેટ આપી દેવામાં આવશે.






# AAP દ્વારા અમદાવાદમાં વિજેતા ઉમેદવારોનું સન્માન અને પ્રશિક્ષણ

» સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીતેલા ૫૦૦ થી વધુ ઉમેદવારોને અપાયું માર્ગદર્શન

» ઈસુદાન ગઢવી, ગોપાલ ઇટાલીયા અને ચૈતર વસાવા સહિતના નેતાઓ રહ્યા ઉપસ્થિત

» જનપ્રતિનિધિ તરીકેની જવાબદારીઓ અને આગામી યોજનાઓ અંગે પૂરું પડાયું પ્રશિક્ષણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવનાર ૫૦૦ થી વધુ ઉમેદવારો માટે અમદાવાદ ખાતે એક વિશેષ સન્માન અને પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશના ટોચના નેતાઓએ વિજેતા ઉમેદવારોને જનપ્રતિનિધિ તરીકેની નવી જવાબદારીઓ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સન્માન સમારોહમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને મહિલા પ્રમુખ પાયલ સાકરીયા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં AAP એ ૬૦૦૦ થી વધુ ઉમેદવારો મેદાને ઉતાર્યા હતા, જેમાંથી ૫૦૦ થી વધુ ઉમેદવારોએ જીત હાંસલ કરી છે. પાર્ટીએ ૧૨ તાલુકા પંચાયત અને ૧ જિલ્લા પંચાયત પર કબજો જમાવ્યો છે, જ્યારે અનેક જગ્યાએ વિપક્ષમાં બેસવાનું સ્થાન મેળવ્યું છે.

૫ જૂનના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રદેશ નેતૃત્વ દ્વારા તમામ વિજેતા ઉમેદવારોને સન્માન પત્ર આપીને બિરદાવવામાં આવ્યા હતા. સાથે જ, જનપ્રતિનિધિ તરીકે લોકોના કામો કેવી રીતે કરવા અને આગામી યોજનાઓ અંગે સઘન પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓની અથાગ મહેનત અને જનતાના સમર્થનથી મળેલા આ ઉત્કૃષ્ટ પરિણામ બાદ, હવે વિજેતા ઉમેદવારો પોતાના વિસ્તારોમાં પ્રજા કલ્યાણના કામો વધુ મજબૂતીથી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ફાર્મા કંપનીઓમાં ડ્રગ્સ નેટવર્ક અંગે કોંગ્રેસના આકરા પ્રહાર

રાજકોટ નજીક હડમતાળાની કંપનીમાં ED ના દરોડા બાદ સરકાર શ્વેતપત્ર જાહેર કરે તેવી માંગ

વર્ષોથી ચાલતા ગેરકાયદે કારોબારમાં ડ્રગ કંટ્રોલ વિભાગની ઘોર નિષ્ફળતા સામે ઉઠ્યા સવાલો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતની ફાર્મા કંપનીઓમાં ચાલી રહેલા કથિત આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ અને હવાલા નેટવર્કના આરોપો મુદ્દે કોંગ્રેસે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. રાજકોટ નજીક હડમતાળાની ફાર્મા કંપનીમાં ED દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષ દોશીએ સરકારની નીતિઓ અને તપાસ એજન્સીઓની નિષ્ફળતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. દેશના સૌથી મોટા ફાર્મા ઉત્પાદન કેન્દ્ર ગણાતા ગુજરાતમાં આવી પ્રવૃત્તિઓથી રાજ્યની પ્રતિષ્ઠા ખરડાઈ હોવાનો દાવો કરાયો છે.

કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ સરકાર પાસે સમગ્ર મામલે શ્વેતપત્ર (White Paper) જાહેર કરવાની ઉગ્ર માંગ કરી છે. તેમણે સવાલ કર્યો છે કે, સરકાર સ્પષ્ટ કરે કે કઈ કંપનીઓ તપાસ હેઠળ છે, કેટલા પ્રમાણમાં ગેરકાયદે નિકાસ થઈ છે અને નિયમનકારી તંત્ર ક્યાં નિષ્ફળ ગયું છે? શું આ ફાર્મા કંપનીઓને કોઈ નેતા અથવા રાજકીય પ્રભાવશાળી વ્યક્તિનું સંરક્ષણ મળતું હતું? છેલ્લા ૧૦ વર્ષમાં આ કંપનીઓના માલિકો અને શાસક પક્ષના નેતાઓ વચ્ચે થયેલી મુલાકાતો અને વ્યવસાયિક સંબંધોની તટસ્થ તપાસ થવી જોઈએ.

સુરત, અંકલેશ્વર અને રાજકોટ જેવા ફાર્મા હબમાં આવેલી કંપનીઓ જો આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલી હોય, તો રાજ્ય અને કેન્દ્રના ડ્રગ કંટ્રોલ વિભાગો વર્ષો સુધી આ ગેરકાયદે પ્રવૃત્તિઓને કેમ પકડી શક્યા નહીં તે એક મોટો સવાલ છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે શું તપાસ હેઠળ આવેલી ફાર્મા કંપનીઓના માલિકો કે ડિરેક્ટરોએ રાજકીય પક્ષોને કોઈ ફંડિંગ કર્યું છે?



સરકાર આ સંબંધોની સંપૂર્ણ માહિતી જાહેર કરે તે જરૂરી છે.મનીષ દોશીએ સીધો પ્રશ્ન ઉઠાવ્યો છે કે, જો આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કના તાર ગુજરાત સુધી પહોંચતા હોય, તો શું રાજ્ય સરકાર તેની નૈતિક જવાબદારી સ્વીકારશે? ગુજરાતને વિકાસનું મોડેલ ગણાવવામાં આવે છે, પરંતુ જો ગુજરાતની ધરતી પરથી આવું ષડયંત્ર ચાલતું હોય તો માત્ર કંપનીના સંચાલકો જ નહીં, તેમને રાજકીય છત્રછાયા અને સંરક્ષણ આપનાર દરેક વ્યક્તિને કડક કાયદાના સકંજામાં લાવવા જોઈએ.

# રાજકોટમાં મેયરના વોર્ડના વોકળામાં જ સફાઈનો અભાવ !

## શહેરમાં 47 નાના - મોટા વોકળાની 15 જૂન સુધીમાં સફાઈ પૂર્ણ થશે, કોંગ્રેસે કહ્યું - પોતાનું ઘર સાફ ન રાખી શકનારા મેયર માત્ર ફોટો શેસનમાં વ્યસ્ત

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં વરસાદી પાણીના નિકાલ માટે ૧૪ કુદરતી સહિત નાના -મોટા ૪૭ વોકળા આવેલા છે. તાજેતરમાં જ નવનિયુક્ત મેયર ડૉ.નેહલ શુક્લએ ભાજપના તમામ ૬૫ કોર્પોરેટરોને ચોમાસા પહેલા વોકળાની સફાઈ થાય તે માટે સ્થળ ચકાસણી કરી તેના ફોટા મંગાવ્યા હતા. જોકે આજે હકીકત એ સામે આવી છે કે મેયરના ખુદના વોર્ડ નંબર ૭ માં વોકળાની સફાઈ થઈ નથી. આ મામલે વિરોધ પક્ષ કોંગ્રેસે ચાબખા માર્યા છે કે મેયર પોતાના વોર્ડના બુકડાની સફાઈ કરાવી શકતા નથી તો આખા રાજકોટ શહેરની પરિસ્થિતિ શું હશે તે વિચારી શકાય તેવી બાબત છે. બીજી તરફ મેયરે આ મામલે કહ્યું કે પ્રિ મોન્સૂન કામગીરી પૂર્ણ કરવા માટે ૧૫ જૂન સુધીની ડેડ લાઇન આપવામાં આવી છે. જોકે આગામી વર્ષે આ ડેડ લાઇન ૨૦ મે સુધીની રહેશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરનો વોર્ડ નંબર ૭ કે જે અમીન માર્ગ અને એસ્ટ્રોન ચોક વચ્ચેનો વિસ્તાર છે અને આ પોશ વિસ્તાર ગણાય છે. આ રાજકોટ શહેરના મેયરનો વોર્ડ છે. છેલ્લા ચાર પાંચ દિવસથી



જોઈ શકાય છે કે મેયર દ્વારા તમામ કોર્પોરેટરોને પ્રિમોન્સૂનની કામગીરીની સૂચના આપવામાં આવી. કોર્પોરેટર વોકળા ઉપર ઉતરો અને સમીક્ષા કરો. જોકે તે સમીક્ષા ફોટો સેશન અને રિલ્સ પૂરતી જ હતી.

મેયરના વોર્ડમાં આવેલા વોકળામાં ગંદકી છે અને મેઈન હોલમાં કચરો ભરેલો છે. ઝૂંપડપટ્ટીના સામાન્ય લોકો અહીં રહી રહ્યા છે. મેયર પોતાના જ વોર્ડમાં આવેલો વોકળો સાફ કરાવી શક્યા નથી તો રાજકોટ શહેરના અન્ય વિસ્તારોની પરિસ્થિતિ શું હશે તે વિચારી શકાય તેવી બાબત છે. એક બે ઈંચ વરસાદમાં જ રાજકોટ શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળે છે અને આ રસ્તાઓ બેટની અંદર ફેરવાઈ જાય છે. આ વખતે રાજકોટ શહેરના લોકોને તેવો વિશ્વાસ હતો કે



આટલો મોટો જનાદેશ આપ્યો છે ત્યારે નવા મેયર રસ્તા ઉપર ઉતરીને કામ કરશે પરંતુ મેયર ફોટો સેશન અને વાહવાહી પૂરતા જ કામ કરતા હોય તેવું વોકળા પરથી જોઈ શકાય છે. આ વખતે પણ ચોમાસામાં લોકોએ દુર્દશાનો સામનો કરવો પડશે.

જ્યારે મેયર ડૉ.નેહલ શુક્લએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા અમે વોકળાની મુલાકાતની ડ્રાઇવ કરી હતી અને તેવું ક્લિયર કર્યું હતુ કે ૧૫ જૂન સુધીમાં સફાઈની કામગીરી પૂર્ણ કરવાની છે. જેથી આગામી વર્ષ માટે ૨૦ મી મે ની ડેડ લાઇન રાખવાનું આદેશ આપી દીધો છે. જેથી ચોમાસા પૂર્વે યુદ્ધના ધોરણે પ્રિ મોન્સૂનની કામગીરી પૂર્ણ થઈ જાય.







# વીરપુરના થોરાળા ગામનો મુખ્ય માર્ગ ખાડામાં, ગ્રામજનો પરેશાન

સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા – વીરપુર

જેતપુર તાલુકાના વીરપુર પાસે આવેલા થોરાળા ગામને જોડતો મુખ્ય માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. નેશનલ હાઈવેથી થોરાળા ગામ તરફ જતો આ માર્ગ છેલ્લા ૯ વર્ષથી સમારકામની રાહ જોઈ રહ્યો છે. રસ્તા પર ઠેરઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે અને કાંકરીઓ બહાર આવી જતાં વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ વધી ગયું છે.

માર્ગની દયનીય સ્થિતિને કારણે વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ અને રોજિંદા અવરજવર કરતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, દર્દીઓને ઈમરજન્સીમાં હોસ્પિટલ પહોંચાડવા માટે પણ આ ખરાબ રસ્તો મોટી અડચણ બની રહ્યો છે. ચોમાસું નજીક આવતું હોવાથી માર્ગની સ્થિતિ વધુ જોખમી બનવાની ભીતિ સેવાઈ રહી છે, જેને લઈને ગ્રામજનોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોની અનેક રજૂઆતો છતાં અત્યાર સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

માર્ગ અને પંચાયત વિભાગની કચેરીમાંથી મળતી માહિતી મુજબ, માર્ગના સમારકામ માટે વર્ક ઓર્ડર જારી કરી દેવામાં આવ્યો છે અને એજન્સીને કામ પણ સોંપી દેવાયું છે. જોકે, હાલમાં ડામરની અછતને કારણે કામ અટકેલું છે. વિભાગે ખાતરી આપી છે કે સામગ્રી ઉપલબ્ધ થતાં જ કામગીરી શરૂ કરવામાં આવશે અને ચોમાસા પહેલા રોડનું સમારકામ પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

# રાજકોટના નામચીન દોલતસિંહ સોલંકીની જામીન અરજી નામંજૂર

## » સેશન્સ કોર્ટે ટ્રાયલ વિલંબિત કરવાનો આરોપીનો પ્રયાસ ગણાવ્યો નિષ્ફળ

## » આરોપી સામે અગાઉ નોંધાયેલા છે કુલ ૧૪ ગંભીર ગુનાઓનો લાંબો ઈતિહાસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કોઠારિયા રોડ પર ફાઈનાન્સનો વ્યવસાય કરતા અને ગુનાહિત ભૂતકાળ ધરાવતા નામચીન દોલતસિંહ ઉર્ફે દોલુભા ભાવસિંહ સોલંકીની નિયમિત જામીન અરજી રાજકોટની સેશન્સ અદાલતે સખત શબ્દોમાં ફગાવી દીધી છે. આરોપીએ પોતાની જામીન અરજીમાં મુખ્ય આધાર એવો લીધો હતો કે કેસની ટ્રાયલ અત્યંત વિલંબિત થઈ રહી છે, જે તેના ન્યાય મેળવવાના મૂળભૂત અધિકારનું હનન છે. જોકે, અદાલતે રેકોર્ડ પરની કાર્યવાહી તપાસ્યા બાદ સ્પષ્ટ કર્યું હતું કે ટ્રાયલને વિલંબિત કરવામાં આરોપી પોતે જ મુખ્ય જવાબદાર છે અને તે પ્રોસીક્યુશન પર ખોટો આળ ચઢાવી રહ્યો છે.

આ કેસની વિગત મુજબ, ફરિયાદી રાધિક હંસરાજભાઈ ગજેરાના ભાઈ હાર્મીશ ગજેરા (ઉંમર ૨૮) ની કોઠારિયા મેઈન રોડ પર આવેલી ખોડિયાર હોટલ પાસે અત્યંત નિર્મમ રીતે છરીના આડેધડ ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનામાં આરોપીએ છાતીના વચ્ચેના ભાગે, ડાબા પડખાના ભાગે અને વાસાના ભાગે છરીના ઘા ઝીંક્યા હતા, જે તેની ગુનાહિત માનસિકતા અને તૈયારી (Pre-preparation) દર્શાવે છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ નોંધાયેલ આ ગુનામાં આરોપી સામે હત્યા ઉપરાંત



એડવોકેટ
સુરેશ ફળદુ

હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવાનો પણ આરોપ છે. જામીન અરજીની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષે વકીલોની ટીમ દ્વારા લેખિત વાંધા રજૂ કરી દલીલ કરવામાં આવી હતી કે કેસની ટ્રાયલ પહેલેથી જ શરૂ થઈ ચૂકી છે અને મહત્વના ૩ સાક્ષીઓની જુબાની પણ લેવાઈ ચૂકી છે. પ્રોસીક્યુશન દ્વારા ક્યારેય કોઈ મુદત માંગવામાં આવી નથી, પરંતુ આરોપીએ પોતાના વકીલ રોકવામાં જ લગભગ ૬ મહિનાનો સમય બગાડી દીધો હતો. અદાલતે એ બાબતની ગંભીર નોંધ લીધી હતી કે આરોપીનો ગુનાહિત ઈતિહાસ ૧૪ જેટલા ગંભીર ગુનાઓથી ભરેલો છે. નજરે જોનાર મુખ્ય સાક્ષીઓની જુબાની હજુ બાકી છે, ત્યારે આરોપીને જામીન પર મુક્ત કરવાથી સાક્ષીઓને ડરાવી-ધમકાવીને કેસને નબળો પાડવાની શક્યતા પ્રબળ છે.

સીસીટીવી ફૂટેજમાં આરોપીને સ્પષ્ટપણે છરી સાથે જોવામાં આવ્યો છે, જે કેસમાં મજબૂત પ્રથમ દર્શનીય પુરાવો છે. આરોપીની ગુનાહિત દબદબાભરી છબી અને ભુતકાળના ૧૪ ગુનાઓને ધ્યાનમાં લેતા, અદાલતે તારણ કાઢ્યું કે ટ્રાયલ વિલંબિત થવાની દલીલ પાયાવિહોણી છે.

ઉપરોક્ત કામમા મુળ ફરીયાદી રાધિક ગજેરા વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ તથા સ્પેશ્યલ પી.પી. નિતેશ વી. કથીરિયાએ કાયદાકીય મુદ્દાઓ પર ધારદાર દલીલો કરીને જામીન અરજી નામંજૂર કરાવી હતી.

# 3 સંતાનોની માતાનો આપઘાત પિયર પક્ષે દર્શાવી હત્યાની શંકા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ખેરડી ગામે રહેતા કંચનબેન જમોડ ઉ.૩૫એ ગત મોડી રાત્રે પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા મૃતદેહને કુવાડવા સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડાયો હતો જોકે પિયર પક્ષે આક્ષેપ કરી હત્યાની શંકા દર્શાવતા મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો કુવાડવા રોડ પોલીસે આક્ષેપો અંગે તપાસ હાથ ધરી છે. બનાવની જાણ થતા ગોંડલ તાલુકાના ફુલઝર ગામે રહેતા મૃતકના મોટાભાઈ હિંમતભાઈ સરવૈયા રાજકોટ દોડી આવ્યા હતા અને કહ્યું હતું કે અમે ત્રણ ભાઈઓ અને બે બહેનો છીએ જેમાં કંચનબેન બીજા નંબરના હતા. ૧૨ વર્ષ પહેલા તેમના લગ્ન ખેરડીના સવજી જમોડ સાથે થયા હતા લગ્ન જીવનથી મારી બહેનને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. છેલ્લા આઠેક મહિનાથી મારા બહેન અને બનેવી વચ્ચે કંકાસ ચાલતો હતો સવજીને અન્ય મહિલા સાથે સંબંધ હોય જે મારી બહેનને જાણ થતા ઝઘડો થતો હતો. મારાં બહેન અગાઉ માવતરે રિસામણે આવ્યા હતા ત્યારે અમે સમાધાન કર્યું હતું તે ૧૫-૧૫ દિવસ ઘરે આવતો ન હતો તે મારી બહેન સાથે મારકૂટ કરતો હતો બે દિવસ પૂર્વે મારી નાની બહેનને કંચનનો ફોન આવ્યો હતો કે, ભાડાનું મકાન બદલવામાં તારાં બનેવી કોઈ મદદ કરતા નથી. બસ ઝઘડા જ કરે છે. ગત રાત્રે મને મારાં બનેવી સવજીનો ફોન આવેલ કે, હું રિક્ષા લઈ ફેરો કરવા રાત્રે ૯.૩૦ વાગ્યે ગયો હતો. ઘરે આવીને જોયું તો કંચને ગળાફાંસો ખાઈ લીધો છે. કંચને ગળાફાંસો ખાતા પહેલા ત્રણેય સંતાનોને પાણીના ટાંકામાં નાખી દીધા હતા જેને મેં કાઢી લીધા છે. જેથી મેં કહ્યું કે, લાશ નીચે ન ઉતારતા હું આવું છું. જો કે સવજીએ કહ્યું કે તેણે ફાંસો ખાધો જતો તે ચૂંદડી-સાડી છરીથી કાપીને લાશ ઉતારી લીધી છે અમે ત્યાં પહોંચતા મારી બહેનના બાળકો વિષે પૂછતાં સવજીએ કહ્યું કે એ મારાં ભાઈના ઘરે છે. અમને શંકા છે કે, સવજીએ ખોટું કહ્યું છે કે, બાળકોને કંચને પાણીના ટાંકામાં નાખ્યા છે અમને શંકા છે કે સવજીને અન્ય મહિલા સાથે સંબંધ હોય, જેમાં મારી બહેન તે મહિલા સાથે સંબંધ રાખવાનું ના પાડતી હોય જેથી મારી બહેનની હત્યા કરી છે. કુવાડવા રોડ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# મોરબીના એન્જીનીયરીંગના છાત્રનું મારવાડી કોલેજમાં બેભાન થયા બાદ મોત

## » અપડાઉન કરતા યુવકને હિટસ્ટ્રોક લાગી ગયાની શંકા : પરિવારજનો શોકમાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની મારવાડી કોલેજમાં ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગનો અભ્યાસ કરતા મૂળ શકતસનાળાના ૧૯ વર્ષીય યુવાન ધ્રુવરાજ મહેશભાઈ ગોહેલનું ગત બપોરે કોલેજ કેમ્પસમાં અચાનક ચક્કર ખાઈને ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું છે. પ્રાથમિક તબક્કે યુવાનને તડકો લાગવાના કારણે મોત થયું હોવાની શક્યતા સેવાઈ રહી છે. આશાસ્પદ યુવાનના આકસ્મિક મોતથી પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા છે.મૂળ મોરબીના શકતસનાળાના વતની અને હાલ રાજકોટની મારવાડી કોલેજમાં ઈલેક્ટ્રીકલ એન્જિનીયરીંગમાં બીજા વર્ષમાં અભ્યાસ  કરતા વિદ્યાર્થી ધ્રુવરાજ મહેશભાઈ ગોહેલ નિત્યક્રમ મુજબ કોલેજની બસમાં મોરબીથી રાજકોટ કોલેજે આવ્યા હતા દરમિયાન ગત બપોરે કોલેજ કેમ્પસમાં અચાનક તેમને ચક્કર આવ્યા હતા અને તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા જેથી તુરંત મિત્રો અને સ્ટાફ દ્વારા હોસ્પિટલે ખસેડાયા હતા પરંતુ અહીં તેમનું કરુણ મોત નીપજ્યું હતું એવી આશંકા સેવાઈ રહી છે કે તડકો લાગી જવાના કારણે યુવાનને ચક્કર આવ્યા હતા અને મોત નીપજ્યું હતું ભાઈ-બહેનમાં નાના એવા આશાસ્પદ યુવાનના મૃત્યુથી પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

### બિહાર-યુપી સ્ટાઈલથી વાડીમાં બન્યો બનાવ

# પતિ સામે 5 હવસખોરોએ પત્નિ પર બળાત્કાર ગુજાર્યો

## મોરબીની શરમજનક ઘટના : વાડીમાં આરામ કરતા શ્રમિક પરિવાર પર ત્રાટક્યા 5 નરાધમો

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે ખાડે ગઈ હોય તેવો એક ચોંકાવનારો અને કંપારી છૂટી જાય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પરપ્રાંતીય રાજ્યો જેવી ભયાનક ઘટનાનું પુનરાવર્તન થતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા એક શ્રમિક પરિવારની હાજરીમાં જ અજાણ્યા શખ્સોએ હથિયાર કે તાકાતના જોરે આતંક મચાવી મહિલાની આબરૂ લૂંટી લીધી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.મળતી માહિતી મુજબ, મોરબી તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં આવેલી વાડીમાં મજૂરી કામ કરતું દંપતી તેમના પુત્ર સાથે હાજર હતું. બપોરના સમયે જ્યારે આ પરિવાર વાડીએ આરામ કરી રહ્યો હતો, ત્યારે અચાનક




પાંચ અજાણ્યા શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. આ નરાધમોએ આવતાની સાથે જ વાતાવરણ ભયભીત કરી દીધું હતું અને મહિલાના પતિ તેમજ પુત્રને જીવથી મારી નાખવાની સીધી ધમકી આપી હતી. પરિવાર કશું સમજે તે પહેલાં જ પાંચ પૈકીના એક શખ્સે પતિ અને પુત્રની નજર સામે જ મહિલા પર બળાત્કાર ગુજાર્યો હતો.

સમાજ માટે લાલબત્તી સમાન કિસ્સોઃ ગુજરાતમાં અગાઉ ઉત્તર પ્રદેશ કે બિહાર જેવા રાજ્યોમાં જ આવી ઘટનાઓ સાંભળવા મળતી હતી, પરંતુ હવે મોરબી જેવા ઔદ્યોગિક ગઢ ગણાતા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગુનેગારો બેફામ બન્યા છે, જે સમાજ અને પોલીસ તંત્ર માટે અત્યંત ચિંતાજનક બાબત છે.


આ હૃદયદ્રાવક અને શર્મજનક ઘટના બાદ ભયભીત બનેલી પીડિત મહિલાએ હિંમત ભેગી કરીને મોરબી તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને તાત્કાલિક ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે પાંચેય અજાણ્યા શખ્સો સામે દુષ્કર્મ અને ધમકી આપવા અંગેનો ગુનો દાખલ કર્યો છે.હાલ પોલીસે આરોપીઓનું પગેરું મેળવવા અને તેમને વહેલામાં વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલવા માટે જુદી જુદી દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પરંતુ આ ઘટનાએ સ્થાનિક શ્રમિકો અને ગ્રામજનોની સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ખડા કરી દીધા છે.


# મોરબી-હળવદ હાઈવે પર કાર અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં 5ના મોત

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી-હળવદ હાઈવે પર ચરાડવા ગામની સીમમાં શુક્રવારે રાત્રે થયેલા ભયાનક અકસ્માતમાં ૫ લોકોના મોત નિપજ્યા છે. એક વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવાની ઉતાવળમાં રહેલી કાર રોડ પરથી પસાર થતા ડમ્પર સાથે અથડાતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

મળતી માહિતી મુજબ, હળવદ તાલુકાના માનસર ગામ પાસે એક બાઈક સ્લીપ થતા યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. રણછોડગઢ ગામના કેટલાક યુવાનો પોતાની કારમાં આ ઘાયલ વ્યક્તિને લઈને સારવાર અર્થે હોસ્પિટલ જઈ રહ્યા હતા. રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાના સુમારે જ્યારે તેમની કાર ચરાડવા ગામ નજીક પેટ્રોલ પંપ સામે





પહોંચી, ત્યારે એક ફેક્ટરીમાંથી બહાર નીકળી રહેલા ડમ્પર સાથે કાર ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો જોરદાર હતો કે કારમાં સવાર તમામ મુસાફરો લોખંડના પતરાની વચ્ચે દબાઈ ગયા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક JCB મશીનની મદદથી પતરા ચીરીને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં સુરેશ સિહોરા, વિરમ દઢેયા, પરેશ દઢેયા, પ્રેમજી દઢેયા અને ભરત દઢેયાનું મોત નીપજ્યું છે, જ્યારે પ્રકાશ દઢેયા અને દિલીપ દઢેયા ગંભીર હાલતમાં મોરબી અને રાજકોટની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતા હળવદ તાલુકા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એક ઈજાગ્રસ્તની જિંદગી બચાવવા નીકળેલા ૫ યુવાનોના નિધનના સમાચારથી સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# સૌ. યુનિ. હાઉસિંગ સોસાયટી દ્વારા નવા મેયરનું સન્માન

» મેયર નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર દક્ષા વસાણીનું શાલ ઓઢાડી સન્માન






સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર ડો. નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર દક્ષા વસાણીની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારો દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. વર્ષ ૧૯૭૨ માં સ્થપાયેલી અને રાજકોટ મહાનગરની સ્માર્ટ સોસાયટીનો દરજ્જો પ્રાપ્ત કરનાર આ સંસ્થાના હોદ્દેદારોએ પદાધિકારીઓનું વિશેષ અભિવાદન કર્યું હતું. આ હાઉસિંગ સોસાયટીના વિકાસ કાર્યોમાં હંમેશા મદદરૂપ થનાર મેયર ડો. નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર દક્ષા વસાણીનું સોસાયટીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડીયા, મંત્રી અને જાણીતી સેવાભાવી સંસ્થા સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજય જોશી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી રમેશ સભાયા અને કારોબારી સભ્ય તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઈજનેર ડી. પી. ત્રિવેદી દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે પદાધિકારીઓને સોસાયટીના સુવર્ણ જયંતી વર્ષનો અંક પણ સ્મૃતિ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારો દ્વારા મનપાને લગતા તમામ વિકાસના કામોમાં હંમેશા હકારાત્મક વલણ અપનાવીને સહયોગી બનવા બદલ રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર દક્ષા વસાણીનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પુષ્કર પટેલ, શહેર ભાજપ અગ્રણી વિક્રમ પૂજારા, વોર્ડ નંબર ૯ ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા તેમજ વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટર રાજુ અઘેરા, જયસુખ કાથરોટીયા, જાનકી કટોળીયા અને પૂર્વ કોર્પોરેટર જીતુ કટોળીયાનો પણ સોસાયટીના હોદ્દેદારો દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.







# રેસકોર્સ ખાતે બાગેશ્વર હનુમંત કથામાં લોકડાયરાનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રેસકોર્સ મેદાનમાં ૩ દિવસીય બાબા બાગેશ્વર હનુમંત કથાનું ભવ્ય આયોજન કરાયું છે. કથા શ્રવણની સાથે દરરોજ સાંજે ૫ થી ૬:૪૫ વાગ્યા સુધી ભક્તો માટે લોકસાહિત્ય અને ડાયરાના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. ૫ જૂન ૨૦૨૬, શુક્રવારના રોજ કથાના પ્રથમ દિવસે સી સી ધ રોકસ્ટાર બેન્ડ અને બોલિવૂડ પ્લેબેક સિંગર ચૈતાલી છાયાનો ભવ્ય સંગીત કાર્યક્રમ યોજાયો. ૬ જૂન ૨૦૨૬ એટલે આજે સાંજે નાટ્ય અકાદમીના પૂર્વ ચેરમેન અને જાણીતા લોકસાહિત્યકાર યોગેશ બોક્સા (ગઢવી) ના ભવ્ય લોકડાયરાની રમઝટ બોલશે. અંતિમ દિવસે ૭ જૂન ૨૦૨૬, રવિવારના રોજ લોકસાહિત્યકાર દેવ ભટ્ટ અને લોકગાયક બિરજુ બારોટના ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું છે. આ ત્રિ-દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમોનો લાભ લેવા રાજકોટની ધર્મપ્રેમી જનતાને આહવાન કરવામાં આવ્યું છે.




# રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનને બેસ્ટ કામગીરીનો સ્ટેટ એવોર્ડ

» અમદાવાદમાં GSFA દ્વારા રાજકોટને ટુર્નામેન્ટોના શ્રેષ્ઠ આયોજન બદલ સન્માનિત કરાયું

» પ્રમુખ ગુણવંત ડેલાવાળા સહિતના હોદ્દેદારોએ રાજ્ય એસોસિએશનનો આભાર વ્યક્ત કર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) દ્વારા ૩ જૂન ૨૦૨૬ ના રોજ અમદાવાદ ખાતે એક ભવ્ય વાર્ષિક સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનને પોતાના જિલ્લામાં ફૂટબોલની રમતને પ્રોત્સાહન આપવા અને બેસ્ટ કામગીરી કરવા બદલ વિશેષ એવોર્ડ અને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યું છે.

રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન દ્વારા જિલ્લાની ટીમનું સિલેક્શન કરવા માટે ગર્લ્સ અને બોય્ઝની તમામ કેટેગરીમાં શ્રેષ્ઠ ટુર્નામેન્ટો યોજવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે. રાજકોટમાં અંડર ૨૦ બોય્ઝ માટે સ્વ. અશોક પરમાર ઓપન રાજકોટ ફૂટબોલ ટુર્નામેન્ટ, જીનિયસ કપ બેબી લીગ (અંડર ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૭), અંડર ૧૪ અને ૧૭ બોય્ઝ-ગર્લ્સ માટે સ્વ. શેઠ જેંતી કુંડલિયા મેમોરિયલ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત સ્વ. પીટર જેક અને સ્વ. ડી. આર. ગોસાઈ મેમોરિયલ સિનિયર ફૂટબોલ ટુર્નામેન્ટ તેમજ સન શાઈન સુપર કપ ૫ એ સાઈડ ફૂટબોલ ટુર્નામેન્ટ જેવી સ્પર્ધાઓ પણ સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.

આ વાર્ષિક સન્માન સમારોહમાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના ટ્રેઝરર અમૃતલાલ બૌરાસીના કાર્યોની પણ ખાસ નોંધ લેવાઈ હતી. GSFA માં છેલ્લા ૩ વર્ષથી મીડિયા મેનેજર તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બજાવવા બદલ અમૃતલાલ બૌરાસીની કામગીરીને વિશેષ રીતે બિરદાવવામાં આવી હતી.

આ ગૌરવપૂર્ણ સન્માન મળવા બદલ રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંત ડેલાવાળા, ઉપપ્રમુખ બી. કે. જાડેજા અને સેક્રેટરી રોહિત બુંદેલા સહિતના તમામ સભ્યોએ હર્ષની લાગણી અનુભવી હતી અને GSFA નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# કામ્યા ટેક્ષટાઇલ્સના ડિરેક્ટર દંપતિ સામે ₹.6.18 કરોડની છેતરપિંડીની ફરિયાદ

## » રાજકોટની રૈયારાજ કંપનીના સંચાલક દંપતિ, મિત્રોને વળતર આપવાનું કહી ફસાવ્યા

## » વધુ રોકાણ કરશો તો શેર આપીશ કહી હાથ ઊંચા કરી દીધા : પોલીસ દ્વારા તપાસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રણછોડનગરમાં રહેતાં અને રૈયારાજ એન્ડ કંપનીના નામે પ્લાસ્ટીકના દાણાનો વેપાર કરતાં પટેલ મહિલા અને તેમના પતિ પાસેથી પતિના મિત્ર નાના મવા રોડ પર રહેતાં મુળ ગોંડલના કોલીથડના વતની અને ગરનાળામાં કામ્યા ટેક્ષટાઇલ્સ નામે પેઢી ચલાવતાં પટેલ શખ્સ અને તેના પત્નિએ પોતાની પેઢીમાં રોકાણ પર મહિને ૨ થી ૩ ટકા વળતરની લાલચ આપી ૪૫ લાખ બેંક મારફત અને રોકડેથી ૪ કરોડ મેળવી લઇ તેમજ ફરિયાદી મહિલાના સગા, મિત્ર પાસેથી પણ આ રીતે નાણા મેળવી લઇ વળતર કે કંપનીના શેર ન આપી ૬ કરોડ ૧૮ લાખની ઠગાઇ કરતાં દંપતિ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે પેડક રોડ રણછોડનગર શ્રી સદ્દગુરૂ જ્યોત કોમ્પલેક્ષમાં રહેતાં જલ્પાબેન જીતેન્દ્રભાઇ બાબુભાઇ રૈયાણીની ફરિયાદ પરથી તેમના પતિના મિત્ર નાના મવા રોડ ક્રિસ્ટલ હોસ્પિટલ પાસે દ્વારકેશ એપાર્ટમેન્ટ ફલેટ નં. ૧૦૩માં રહેતાં દિવ્યેશ ધીરજલાલ સાવલીયા અને તેના પત્નિ નિલમબેન દિવ્યેશ સાવલીયા વિરૂધ્ધ ૬,૧૮,૫૦,૦૦૦ની ઠગાઇનો ગુનો નોંધ્યો છે. જલ્પાબેન રૈયાણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. મારા સાસુ અમારી સાથે રહે છે, સસરા હયાત નથી. રૈયારાજ એન્ડ કંપનીના નામથી અમે પ્લાસ્ટીકના દાણા વેંચાણનું કામ કરીએ છીએ. આ પેઢીનું સંચાલન મારા પતિ જીતેન્દ્રભાઇ બાબુભાઇ રૈયાણી કરે છે. આ પેઢીની ઓફિસ નવાગામ આણંદપુર રઘુવીર ડેલાની બાજુમાં છે. પેઢીના જીએસટી નંબર પણ છે. મારા પતિના મિત્ર-ઓળખીતા દિવ્યેશ સાવલીયા હાલ નાનાવા મવા રોડ દ્વારકેશ એપાર્ટમેન્ટમાં રહે છે. તેની કામ્યા ટેક્ષટાઇલ્સ પ્રા.લિ. પેઢી ગોંડલના ગરનાળા ગામે છે. દિવ્યેશનું મુળ ગામ ગોંડલનું કોલીથડ છે. દિવ્યેશ સાવલીયાને તેની પેઢીમાં રૂપિયાની જરૂર હોઇ જેથી મારા પતિને વાત કરી હતી કે તમારી પાસે રૂપિયા હોય તો મારી પેઢીમાં રોકાણ કરો, હું તમને મહિને ૨ થી ૩ ટકા વળતર આપીશ.જેથી મેં મારા એચડીએફસી બેંકના એકાઉન્ટમાંથી દિવ્યેશ સાવલીયાએ જણાવ્યા મુજબ તેના યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના શાપર બ્રાંચના ખાતામાં તા. ૨/૫/૨૩ના રોજ રૂા. ૫ લાખ, તા. ૪/૫/૨૩ના રોજ રૂા. ૫ લાખ મળી ૧૦ લાખ ટ્રાન્સફર કર્યા હતાં. બાદ અમારા વળતરના રૂપિયા બાબતે વાત કરતાં દિવ્યેશે કહેલુ કે એક સાથે વળતર ચુકવશે. બાદમાં ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં દિવ્યેશે મારા પતિને જણાવેલ કે તમે જે રોકાણ કર્યુ છે તે તથા અન્ય નાણા અમારી કંપનીમાં જમા કરાવશો તો હું અમારી કંપનીના શેર આપીશ. જેથી અમે ફરી ૧/૨/૨૫ના રોજ રૂા. ૧૦ લાખ, ૧૦/૨ના ૧ લાખ, ૪ લાખ, ૧૦ લાખ અને ૧૭/૨/૨૫ના ૧૦ લાખ મળી રૂા. ૩૫ લાખ મારા પતિના કહેવાથી દિવ્યેશ સાવલીયાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતાં. કામ્યા ટેક્ષટાઇલ્સમાં દિવ્યેશ સાથે તેના પત્નિ નિલમબેન સાવલીયા પણ ડાયરેક્ટર છે. અમે દિવ્યેશ સાવલીયાની કામ્યા ટેક્ષટાઇલ્સ પેઢીમાં અને તેના પર્સનલ ખાતામાં વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ સુધીમાં રૂા. ૪૫ લાખ બેંક મારફ ટ્રાન્સફર કર્યા હતાં. આ રૂપિયા પણ અમને પરત આપ્યા નથી કે તેની કામ્યા ટેક્ષટાઇલ્સ કંપનીના શેર પણ અમે આપ્યા નથી. આ ઉપરાંત રોકાણ પર કોઇ વળતર પણ અમને આપ્યું નથી. મારા પતિ ઉપરાંત અમારા સગા રાજેશભાઇ દિનેશભાઇ લીંબાસીયાએ નાણા આપ્યા હતાં. પણ આ બંનેને કોઇ વળતર આપ્યું નથી. આ ઉપરાંત મારા પતિના મિત્ર અલ્તાફભાઇ પાસેથી પણ રોકડા રૂપિયા ૫ કરોડ લઇ દિવ્યેશે કામ્યા ટેક્ષટાઇલ્સ કંપનીના શેર આપવા બાબતે એક કાગળમાં લખાણ કરી આપ્યું હતું. અલ્તાફભાઇને ૧૦ ટકા શેર આપ્યા છે. પરંતુ મારા પતિને આપવાના ૪૦ ટકા શેર આપ્યા નથી અને મારા પતિએ આપેલા રોકડા ૪ કરોડ પણ પરત ન આપી કોઇ વળતર પણ આપ્યું નથી.અમારા સગા રાજેશભાઇ લીંબાસીયા પાસેથી પણ દિવ્યેશે પેઢીમાં રોકાણ અને શેર આપવાનું કહી રૂા. ૨,૦૫,૫૦,૦૦૦ મેળવી લીધા હતાં. તેમાંથી રૂા. ૬૨ લાખ વળતર સ્વરૂપે આપ્યા છે. બાકીના ૧,૪૩,૫૦,૦૦૦ આપ્યા નથી. તેમજ મારા પતિના મિત્ર કલ્પેશભાઇ જયસુખભાઇ માલકીયાને પણ કામ્યા ટેક્ષટાઇલ્સમાં રોકાણના નામે શેર આપવાના નામે લલચાવી તેમની પાસેથી રૂા. ૩૦ લાખ મેળવી લઇ તેમને પણ કોઇ વળતર આપ્યુ નથી. આમ દિવ્યેશ સાવલીયા અને તેના પત્નિ નિલમબેન સાવલીયાએ અમારી પાસેથી બેંક મારફત રૂા. ૪૫ લાખ, પતિ પાસેથી રોકડેથી રૂા. ૪ કરોડ તથા અમારા સગાના રૂા. ૧,૪૩,૫૦,૦૦૦ અને પતિના મિત્ર કલ્પેશભાઇ પાસેથી ૩૦ લાખ મળી કુલ રૂા. ૬,૧૮,૫૦,૦૦૦ મેળવી લઇ કામ્યા ટેક્ષટાઇલ્સના રોકાડ કરવાથી વળતર અને શેર આપવાની લાલચ દઇ વળતર કે શેર ન આપી તેમજ પેઢીનો હીસાબ, ઓડીટ રિપોર્ટ પણ ન આપી છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો હોઇ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં જલ્પાબેન જીતેન્દ્રભાઇ રૈયાણીએ જણાવતાં બી-ડિવીઝન પીઆઇ જી. આર. ચૌહાણ, હીરાભાઇ રબારી સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

